આજનો સુવિચાર

તમારા ડર કરતા મોટા સપનાઓ જોવાથી સફળતા મળે છે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૮૮ જૂનાગઢ તા.૨૭-૦૩-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 88, Junagadh : Date : 27 March, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# જમ્મુ-કાશ્મીરમાં સપ્ટેમ્બરનાં અંત પહેલા વિધાનસભાની ચૂંટણી યોજાશે : અમિત શાહ

## રાજયમાંથી AFSPA કાયદો હટાવાશે : સૈન્યને પણ પરત બોલાવી લેવાશે : ગૃહમંત્રી અમિતશાહનાં નિવેદન બાદ રાજકીય ગતિવિધિ તેજ



શ્રીનગર, તા.૨૭:

કેન્દ્રીય ગૃહમંત્રી શાહે જમ્મુ-કાશ્મીરને લઈને એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે કેન્દ્ર સરકાર આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટ એટલે કે જમ્મુપ્રકાશ્મીરમાં લાગુ AFSPA હટાવવા પર વિચાર કરી રહી છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન ગૃહમંત્રી શાહે દાવો કર્યો હતો કે સરકાર કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાંથી સૈનિકોને હટાવવાની અને અહીંની કાયદો અને વ્યવસ્થા જમ્મુ અને કાશ્મીર પોલીસ પર છોડી દેવાની પણ યોજના બનાવી રહી છે.

ગૃહમંત્રી શાહે કહ્યું છે કે સરકાર જમ્મુ અને કાશ્મીરમાંથી સૈનિકોને હટાવવાની અને કાયદો અને વ્યવસ્થા જમ્મુ અને કાશ્મીર પોલીસને સોંપવાની યોજના ધરાવે છે. તેમણે કહ્યું કે પહેલા જમ્મુ-કાશ્મીર પોલીસ પર ભરોસો ન હતો, પરંતુ આજે તેઓ ઓપરેશનનું નેતૃત્વ કરી રહ્યા છે. સાથે જ અમિત શાહે એમ પણ કહ્યું કે અમે AFSPA હટાવવા અંગે પણ વિચારીશું.


ગૃહમંત્રી શાહે ઈન્ટરવ્યુ દરમિયાન દાવો કર્યો હતો કે સપ્ટેમ્બર મહિના પહેલા જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. શાહે કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં લોકશાહીની સ્થાપના એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વચન છે અને તે પૂરું થશે. કેટલાક પક્ષો પર નિશાન સાધતા શાહે કહ્યું કે હવે જમ્મુ-કાશ્મીરમાં લોકશાહી માત્ર ત્રણ પરિવારો સુધી સીમિત નહીં રહે.

જમ્મુ અને કાશ્મીરમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોના આરક્ષણ પર ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે મોદી સરકારે પહેલીવાર જમ્મુ અને કાશ્મીરના OBCને અનામત આપી છે. આ સિવાય મહિલાઓને એક તળતીયાંશ અનામત આપવામાં આવી છે. તેમણે કહ્યું કે પંચાયત અને શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ઓબીસી અનામત આપવામાં આવી હતી. અમે SC અને ST માટે જગ્યા બનાવી છે. ગુર્જરો અને બકરવાલોનો હિસ્સો ઘટાડ્યા વિના પહાડીઓને ૧૦ ટકા આરક્ષણ આપવામાં આવ્યું છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાંથી વિસ્થાપિત લોકોને સમાવવા માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે આ લાભો પાયાના સ્તર સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે.

લોકસભાની ચૂંટણી પછી, જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળોની તૈનાતીમાં આયોજિત ઘટાડો અને આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટને દૂર કરવા પર પણ વિચાર કરવામાં આવશે. હવે જમ્મુ-કાશ્મીર પોલીસ કાયદો અને વ્યવસ્થા અને આતંકવાદના મોરચે આગળ રહેશે. તે જ સમયે, સપ્ટેમ્બર ૨૦૨૪ ના અંત સુધીમાં જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની રચના કરવામાં આવશે અને આ પીએમ મોદીનું વચન છે. મોદીના વચનનો અર્થ પૂર્ણ થવાની ગેરંટી છે.

# ટ્રેન હડફેટે સિંહોનાં મોત મામલે રેલ્વેને હાઈકોર્ટનું અલ્ટીમેટમ

## "હવે એક પણ સિંહનું મૃત્યુ ચલાવી લેવાશે નહી : તમે સમાધાન નહી લાવો તો અમે ગીર અભ્યારણનાં રેલ્વે ટ્રેકને બંધ કરાવી દઈશું"



અમદાવાદ તા. ૨૮

ગીર અભ્યારણ્ય વિસ્તારમાં સિંહોના અકાળે થતાં મૃત્યુના મામલે સુઓમોટો રિટ પીટીશનની સુનાવણીમાં રેલવે વિભાગના જવાબ પ્રત્યે ગુજરાત હાઈકોર્ટે ભારે નારાજગી દર્શાવી હતી. ચીફ જસ્ટીસ સુનીતા અગ્રવાલ અને જસ્ટીસ અનિરુદ્ધ પી. માયીની ખંડપીઠે રેલવેની ઝાટકણી કાઢતાં ટકોર કરી હતી કે, 'રેલવે તંત્રની ઉદાસીનતાના પાપે આપણે ઘણા સિંહો આજ સુધી ગુમાવ્યા છે.

પરંતુ હવે એક પણ સિંહનું મૃત્યુ ચલાવી લેવાશે નહી. રેલવે અને વન વિભાગ સાથે બેસી દિવસ-રાત એક કરીને સિંહોના મૃત્યુને અટકાવવા માટેના નકકર આયોજનો બનાવી કોર્ટ સમક્ષ રજુ કરે. સિંહોના અકાળ મૃત્યુ થતાં હોય ત્યારે રેલવે વિભાગને ઉંઘવાનો પણ અધિકાર નથી.

બે સિંહોના મૃત્યુ બાદ જાન્યુઆરીથી માર્ચ સુધીમાં રેલવેએ તપાસના નામે માત્ર ડ્રાઈવરના નિવેદન લીધા છે, જે તપાસમાં ચાલતી પોલમપોલ છતી કરે છે. બસ, હવે બહુ થયું, તમે સમાધાન નહીં લાવો તો અમે ગીર અભ્યારણ્યના રેલવે ટ્રેકને બંધ કરાવી દઈશું.'

સિંહોના અપમૃત્યુના કેસોમાં હાઈકોર્ટ સમક્ષ ચાલી રહેલી જાહેર હિતની અરજીમાં રેલવે ઓથોરિટીએ બે સિંહના મૃત્યુના કારણમાં એવો જવાબ આપ્યો હતો કે બંને સિંહ એકાએક રેલવે ટ્રેક પર આવી જતાં તેમના મૃત્યુ થયા હતા. આ જવાબ સાંભળતાં જ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સખત નારાજ થયા હતા અને એવી આકરી ટીકા કરી હતી કે, 'સિંહો માટે કોઈ વિસ્તાર પ્રતિબંધીત હોતો નથી. સિંહોને તેમની બાઉન્ડ્રી (ટેરિટરી)ની ખબર હોય છે. સિંહોની ટેરિટરી રેલવે નકકી ન કરી શકે. આ બંને અકસ્માતો કઈ રીતે થયા? શું તમે કોઈ ઈન્કવાયરી કરી ? રેલવે અને ફોરેસ્ટની કમીટી છે તો શું આ કમીટીને કંઈ ખબર છે?

સિંહોના અકસ્માત ન થાય એ તમે સુનિશ્ચિત કરો છો, એ માની લઈએ તો પછી આ બે અકસ્માત કઈ રીતે થયા? અને અકસ્માત બાદ તમે શું કર્યું? શા કારણે અકસ્માત થયા એની તપાસ કરી? સિંહો એકાએક આવી ગયા એવો જવાબ કઈ રીતે ચાલે?'

ખંડપીઠે એવી માર્મિક ટકોર કરી હતી કે, 'સિંહો દોડતા નથી તે આરામથી ચાલે છે. શા માટે સિંહો એકાએક રેલવે ટ્રેક પર આવી જાય? સિંહ જંગલનો રાજા છે અને એવી રીતે જ વર્તે છે. જો તે ભૂખ્યો ન હોય તો એ કોઈ પણ જાનવરને મારી ખાવા તેની પાછળ પડતો નથી.

સિંહ ભૂખ્યો ન હોય તો એ એની ખૂબ નજીક ઉભેલા પશુઓની સામે જુએ પણ નહીં. સિંહ જંગલનો રાજા છે અને એ પોતાના સામ્રાજયની રક્ષા કરે છે. જયારે જરૂર પડે ત્યારે જ શિકાર કરે છે.'

ખંડપીઠે એવી ટકોર પણ કરી હતી કે, 'સિંહોની વસતી વધવી જોઈએ નહીં કે ઘટવી જોઈએ. સિંહ જંગલનો રાજા છે અને તેઓ પોતાની ટેરિટરી જાતે નકકી કરે છે. આપણે એની ટેરિટરી નકકી ન કરી શકીએ. કાયદો રાજાથી પણ ઉપર છે (લો ઈઝ ધી કિંગ ઓફ ધી કિંગ્સ), પરંતુ એ કાયદો જંગલના રાજા સિંહ પર લાગુ ન થાય.

સિંહ પોતાના કાયદા જાતે જ બનાવે છે. જો તમે યોગ્ય આયોજનો નહીં કરો તો અમે બધા ટ્રેક બંધ કરીને બીજા ટ્રેક પરથી જવાનો અથવા અંડરગ્રાઉન્ડ કોરિડોર બનાવવાનો આદેશ કરીશું.' હાઈકોર્ટે રેલવે અને વન વિભાગને સાથે બેસીને નકકર આયોજનો કરીને નવેસરથી સિંહોના રક્ષણ માટેના સ્ટાન્ડર્ડ ઓપરેટીવ પ્રોસીઝર્સ ઘડવાનો આદેશ કર્યો છે.

# કેજરીવાલની ધરપકડ - રીમાન્ડ મામલે દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી શરૂ

નવી દિલ્હી તા. ૨૮

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ઈડીની ધરપકડ અને રાઉઝ એવન્યુ કોર્ટના રિમાન્ડના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો છે. જસ્ટિસ સ્વર્ણકાંત શર્માની કોર્ટમાં આ કેસની સુનાવણી શરૂ થઈ ગઈ છે. કેજરીવાલ વતી વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી હાજર થયા હતા અને ઈડી વતી એટર્ની સોલિસિટર જનરલ (ASG) એસ.વી. રાજુ હાજર થયા હતા.

ASG રાજુએ કહ્યું હતું કે અમે વિગતવાર જવાબ દાખલ કરવા માંગીએ છીએ. મુખ્ય કેસમાં અમને ૩ અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો હતો. આ કેસમાં પણ અમને જવાબ દાખલ કરવા માટે પૂરતો સમય મળવો જોઈએ.

કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે આ વિલંબની યુક્તિઓ છે. અમે હાઈકોર્ટને અપીલ કરીએ છીએ કે આ અંગે હવે નિર્ણય લેવામાં આવે. તમે તેને સ્વીકારો અથવા નકારી કાઢો.

ASG રાજુએ કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય માત્ર આક્ષેપો કરવાનો છે. તેના પર હાઈકોર્ટે કહ્યું કે અમે પૂરક યાદી પર સુનાવણી પૂર્ણ કર્યા બાદ કેજરીવાલની અરજી પર ફરીથી સુનાવણી કરીશું.

આપના લીગલ સેલ દ્વારા કેજરીવાલની ધરપકડના વિરોધમાં જિલ્લા અદાલતોમાં દેખાવોનું આહ્વાન કર્યું હતું. આના પર દિલ્હી હાઈકોર્ટે AAPને ચેતવણી આપતા કહ્યું- જો કોર્ટ પરિસરમાં પ્રદર્શન થશે તો તેના ગંભીર પરિણામો આવશે.

# ભાજપમાં અસંતોષનો ઉકળતો ચરૂ : ઉમેદવાર બદલવાની કવાયત મોવડીમંડળ માટે રેડ સિગ્નલ

ગાંધીનગર તા. ૨૭

ગુજરાતમાં લગભગ એકતરફી જઈ રહેલી લોકસભા ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી પછી ભાજપમાં શરૂ થયેલા અસંતોષ એ હવે પાંચથી છ બેઠકો સુધી પહોંચી જતા આગામી દિવસમાં ભાજપ મોવડીમંડળને ડેમેજ કંટ્રોલ માટે વધુ સક્રીય રહેવું પડશે તે નિશ્ચિત છે. વડોદરા અને સાબરકાંઠામાં જે રીતે પક્ષને આંતરિક વિરોધથી ઉમેદવારો બદલવા પડયા પછી નવા ઉમેદવારો સામે પણ વિરોધ શરૂ થયો છે. વડોદરામાં ભાજપ મોવડીમંડળે રંજનબેન ભટ્ટની સામે વિરોધ વ્યાપક છે તે નિશ્ચિત થતા જ તેઓને તથા સાબરકાંઠાએ ભીખાજી ઠાકોરને ડામોર કે ઠાકોર તે વિવાદ નડી જશે તે પણ ટયુબલાઈટ થતા જ બન્ને બેઠકોના ઉમેદવાર બદલવામાં પણ નવા વિરોધનો સામનો કરવો પડી રહયો છે. વડોદરામાં ભાજપે રંજનબેન ભટ્ટને સોશ્યલ મીડીયા પર તેઓ ચુંટણી લડવા માંગતા નથી તેવું પોષ્ટ કરવાની ફરજ પાડી હતી તે નિશ્ચિત થયું છે. આ પોષ્ટ પણ તેમને તથા ભીખાજી ઠાકોરને એક જ સરખા શબ્દો સાથે પોષ્ટ કરવા જણાવ્યું તે દર્શાવે છે કે, ભાજપ મોવડીમંડળે અગાઉ સેન્સ સમયે જે આંતરિક રિપોર્ટ મેળવવો જોઈતો હતો તે મેળવ્યો ન હતો.

હવે રંજનબેન ભટ્ટને બદલવામાં પણ કાચું કપાઈ ગયું છે. પક્ષના અનેક સીનીયરને એક બાજુ મુકીને શિક્ષણ સમીતીના ચેરમેનના હોદા પર ડો. હેમાંગ જોષીને પસંદ કરાયા તેની સામે હવે સાવલીથી લાંબા સમયથી અસંતુષ્ઠ રહેલા ધારાસભ્ય કિરીટ ઈનામદારના ગ્રુપે વિરોધ કર્યો છે. હવે તે શોધી કઢાયું છે કે ડો. હેમાંગ વસાવડા મૂળ તો પોરબંદરના છે.

# ગુજરાતમાં લોકસભાનાં ભાજપનાં ૨૭ ટકા ઉમેદવારોનું મુળ કોંગ્રેસી

નવી દિલ્હી,તા. ૨૭:

ગુજરાતમાં લોકસભાની તમામ ૨૬ બેઠકો પર ભાજપે ઉમેદવાર જાહેર કરી દીધા છે. આ ૨૬ ઉમેદવારોમાંથી ભાજપના ૨૭ ટકા ઉમેદવારો મુળ કોંગ્રેસી કે પક્ષપલ્ટુ કે પછી એક યા બીજી રીતે કોંગ્રેસ સાથે નાતો રહ્યો છે. ભાજપમાં ૨૬માંથી ૭ ઉમેદવારોનો નાતો ભૂતકાળમાં કોંગ્રેસ સાથે રહ્યો છે. એક રીતે લોકસભાની ૭ બેઠક ઉપર ભાજપ સામે કોંગ્રેસ નહિ પરંતુ કોંગ્રેસ સામે કોંગ્રેસ ચૂંટણી લડશે. બીજી તરફ પક્ષપલ્ટુઓનો દબદબો યથાવત રહ્યોછે. આ સાત ઉમેદવારોમાં શોભનાબહેન બારૈયા, ચંદુભાઈ શિહોરા, પ્રભુ વસાવા, દેવુસિંહ ચૌહાણ, ભરત ડાભી, વિનોદ ચાવડા અને પુનમ માડમ શામેલ છે.

# અમેરીકાની પુલ દુર્ઘટનામાં ભારતીય ક્રુ મેમ્બરની સતર્કતાથી અનેક જીંદગી બચી ગઈ

બાલ્ટીમેર તા. ૨૮

અમેરિકાના મેરીલેન્ડમાં કાર્ગો જહાજ સાથે અથડાયા બાદ 'ફ્રાંસિસ સ્કોટ કી' પુલ તૂટી પડ્યો હતો. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર પુલ સાથે અથડાયા બાદ જહાજમાં આગ લાગી હતી. આ સિંગાપોર ફલેગવાળું જહાજ શ્રીલંકાની રાજધાની કોલંબો જઈ રહ્યું હતું. શિપ મેનેજમેન્ટ કંપની સિનર્જી મરીન ગ્રૂપે જણાવ્યું હતું કે ૨ પાઈલટ સહિત તમામ ૨૨ ક્રૂ મેમ્બર ભારતીય હતા. તેમાંથી કોઈને ઈજા થઈ નથી. તે ૨૨ એપ્રિલે શ્રીલંકા પહોંચવાનું હતું. જહાજનું નામ ડાલી હોવાનું કહેવાય છે. પુલ ધરાશાયી થવાને કારણે અનેક વાહનો અને તેના પર હાજર લોકો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

કોસ્ટ ગાર્ડ ઓફિસર એડમિરલ શેનન ગિલરેથે જણાવ્યું હતું કે એક કલાક સુધી ચાલેલા સર્ચ ઓપરેશન બાદ છ ગુમ થયેલા લોકોને મૃત જાહેર કરવામાં આવ્યા છે. એડમિરલે કહ્યું- અમે પટાપ્સકો નદીમાં ઘણા કલાકો સુધી સર્ચ ઓપરેશન ચલાવ્યું. પાણીના તાપમાન અને અન્ય પરિબળોના આધારે અમે માનીએ છીએ કે નદીમાં પડી ગયેલા ૬ લોકો માટે જીવિત રહેવું અત્યંત મુશ્કેલ છે. આને ધ્યાનમાં રાખીને, અમે સક્રિય સર્ચ ઓપરેશન બંધ કરી રહ્યા છીએ. જો કે કોસ્ટ ગાર્ડ અને અન્ય અધિકારીઓ હજુ પણ અહીં હાજર રહેશે.

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ ● સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુ:ખાવા અને પાચનની તકલીફ - પિત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી




ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
e_mail : aum.ayurved.hospital@gmail.com

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

We build the talent
Talent Education
Jay Pandya
95107 68533
ADMISSION OPEN
ધોરણ ૧૦, ૧૧-૧૨ (આર્ટસ તથા કોમર્સ)
ધોરણ ૧૦-૧૧-૧૨ આર્ટસ/કોમર્સના બધા જ વિષયોનું એક જ જગ્યાએ શિક્ષણ...
ઓછી ફી, સરળ માસિક હપ્તે...
બ્રાન્ચ-૧
અંબે માતાજીના મંદીર પાસે, સુરભી પાન વાળી ગલી, શેરી નં. ૯, ઝાંઝરડા રોડ, જૂનાગઢ. મો. ૯૫૧૦૭ ૬૮૫૩૩
બ્રાન્ચ-૨
૧૦૮-૧૦૯ શિવાલીક કોમ્પલેક્ષ, મધુરમ બાયપાસ ગેટ પાસે, મધુરમ રોડ, જૂનાગઢ. મો. ૯૮૨૪૧ ૬૯૫૯૨



CMYK

# કેશોદ સરકારી દવાખાના ખાતે થયેલ ચોરીનાં બનાવનો ભેદ ઉકેલાયો : બેની ધરપકડ



જૂનાગઢ, તા.૨૭ કેશોદ સરકારી દવાખાના ખાતે થયેલ ચોરીના ગુનાનો ગણતરીની કલાકોમા ભેદ ઉકેલી મુદામાલ સાથે બે આરોપીઓને કેશોદ પોલીસ દ્વારા ઝડપી લઈ ધોરણસરની કામગીરી કરવામાં આવી છે. આ બનાવ અંગે મળતી વિગત અનુસાર નાયબ પોલીસ મહાનિરીક્ષક નીલેશ જાજડીયા તથા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચના અનુસાર નાયબ પોલીસ અધિક્ષક બી.સી.ઠક્કર કેશોદ વિભાગના માર્ગદર્શન હેઠળ મીલ્કત સબંધીત ગુન્હાઓ બનતા અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા હુકમ કરેલ જે અન્વયે કેશોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એ.બી.ગોહિલએ મીલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ અટકાવવા તેમજ ચોરીની પ્રવૃતી કરતા ઈસમોને પકડી પાડવા અને મીલકત સબંધિત ગુન્હાઓ ડીટેક્ટ કરવા સર્વેલન્સ સ્ટાફને અલગથી બ્રીફીંગ કરી પેટ્રોલીંગ કરવા સુચના આપી હતી. દરમ્યાન તા.૧૬/૩/૨૦૨૪ થી તા.૧૮/૩/૨૦૨૪ દરમ્યાન સરકારી દવાખાના કેશોદ પાછળ આવેલ તાલુકા આરોગ્ય કચેરીના સ્ટોર રૂમનો દરવાજો તોડી તેમા ઈશ્યુ થયેલ બે લેપટોપ તથા પાણીનુ કુલર તથા છતના પંખા તથા જાહેરાત માટેની એલ્યુમીનિયમની ICE સ્ટેન્ડી નંગ-૨૦/- એમ કુલ કી.રૂા.૫૫,૬૦૦/-નો મુદામાલ ચોરી થયેલ હોય જે અનુસંધાને સર્વેલન્સ ઈન્ચાર્જ પો.સ.ઈ. એસ.કે.મહેતા તથા એ.એસ.આઈ.વી.એમ.કોડીયાતર તથા પો.હેડ કોન્સ, રણજીતભાઈ મેરામભાઈ ડાંગર તથા પો.કોન્સ. સંજયસિંહ કૃષ્ણસિંહ ઝાલા તથા પો.કોન્સ. રોહિતભાઈ મોહનભાઈ ભંભાણા તથા પો.કોન્સ. સુરેશભાઈ મોહનભાઈ ભંભાણા તથા પો.કોન્સ. રવીભાઈ જગદીશભાઈ ધોળકીયા તથા પો.કોન્સ. પ્રતાપસિંહ હરસુરભાઈ કેશોદા તથા પો.કોન્સ. કરણભાઈ હમીરભાઈ ભાટીયાને પેટ્રોલીંગ દરમ્યાન હકીકત મળેલ કે કેશોદ પોલીસ સ્ટેશનના ચોરીમાં ગયેલ

## રૂા.૫૫ હજાર ૬૦૦નો મુદામાલ જપ્ત કરાયો

મુદામાલને બે ઈસમો કેશોદમાં આવેલ એમ.એમ.પેટ્રોલપંપની પાછળ આવેલ ભંગારના ડેલાએ વેંચવા ગયેલ છે. આ બાતમીના આધારે તપાસ કરતા ચોરીમાં ગયેલ મુદામાલ (૧) એચ.પી. કંપનીના બે લેપટોપ કી.રૂા.૨૦,૦૦૦/- (૨) સીલીંગ ફેન નં-૨ કી.રૂા.૭૦૦ તથા નં(૩) વોટર કુલર કી.રૂા.૭૦૦૦/- તથા નં(૪) એલ્યુમીનીયમની અલગ-અલગ જાહેરાત માટેની સ્ટેન્ડી નંગ-૨૦ કી.રૂા.૨૮,૦૦૦ કુલ કી.રૂા.૫૫,૬૦૦/- નો ચોરીમા ગયેલ તમામ મુદામાલ રીકવર કરી આરોપી ભરતભાઈ ધનજીભાઈ પરમાર જાતે દેવીપૂજક (ઉ.વ.૨૭) ધંધો મજુરી રહે (કેશોદ એરપોર્ટ રોડ ગેસ ગોડાઉન પાસે) તથા કાળુભાઈ વિનુભાઈ બારીયા જાતે દેવીપૂજક (ઉ.વ.૧૯) ધંધો મજુરી રહે (કેશોદ પાતાળકુવાની બાજુમાં)ને ઝડપી લીધેલ છે.

આ કામગીરી પોલીસ ઈન્સ્પેકટર એ.બી. ગોહીલ, પો.સબ. ઈન્સ. એસ.કે. મહેતા તથા એ.એસ.આઈ. વી.એમ. કોડીયાતર, પો.હેડ.કોન્સ. રણજીતભાઈ મેરામણભાઈ ડાંગર, પો.કોન્સ. સંજયસિંહ કૃષ્ણસિંહ ઝાલા તથા પો.કોન્સ. રોહીતભાઈ મોહનભઈ ભંભાણા, પો.કોન્સ. સુરેશભઈ મોહનભાઈ ભંભાણા તથા પો.કન્સ. પ્રતાપસિંહ હરસુખભઈ કેશોદા તથા પો.કોન્સ. રવીભાઈ જગદીશભાઈ ધોળકીયા તથ પો.કોન્સ. કરણભાઈ હમીરભાઈ ભાટીયા વગેરે દ્વારા કરવામાં આવી છે.

# રાજ્ય કક્ષાના ''અતુલ્ય વારસો'' આઇડેન્ટી એવોર્ડ ૨૦૨૩-૨૪ મેળવતા દેવભૂમિ દ્વારકાના ચિત્રકાર સામત બેલા


## ૭ એપ્રિલના રોજ અમદાવાદ ખાતે એવોર્ડથી સન્માનિત



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૭ દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુરના પ્રખ્યાત ચિત્રકાર શ્રી સામંતભાઈ બેલાને રાજ્યકક્ષા માટે અતુલ્ય વારસો આઈડેન્ટી એવોર્ડ ૨૦૨૩-૨૪ માટે પસંદ કરવામાં આવેલ છે. અતુલ્ય વારસો આ એક ગુજરાતની પ્રસિદ્ધ સંસ્થા છે જે ગુજરાતની સંસ્કૃતિ અને વારસાનું જતન કરનાર વિશિષ્ટ વ્યક્તિઓનું રાજ્ય લેવલે એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરે છે. આ વખતે પણ ૫૦૦ જેટલી વિશિષ્ટ વ્યક્તિઓમાંથી અતુલ્ય વારસો કમિટી જિલ્લા વાઈસ આ સન્માનને હકદાર વ્યક્તિઓની પસંદગી કરી છે. જેમાંથી દેવભૂમિ દ્વારકાના જામ કલ્યાણપુર રહેવાસી પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી સામંતભાઈ બેલાની પણ પસંદગી કરવામાં આવી છે. ૭ એપ્રિલ ના રોજ અમદાવાદ ખાતે આ તમામ વિશિષ્ટ વ્યક્તિઓનું એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવશે. ચિત્રકાર શ્રી સામંતભાઈ બેલા હાલ હરીપર પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકેની ફરજ બજાવે છે. સાથે સાથે પોતાના કલાના માધ્યમથી આપણી સંસ્કૃતિ અને વારસાને ઉજાગર કરવાના પ્રયત્નો કરે છે તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ પણ પ્રાપ્ત કરેલા છે. તેમજ તેમના નામે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ જેવા અનેક વર્લ્ડ રેકોર્ડ પણ સ્થાપિત થયેલા છે. આ તકે દેવભૂમિ દ્વારકા જિલ્લાનું ગૌરવ વધારનાર શ્રી સામત બેલાને ખુબ ખુબ શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

# ડીપફેકસ : એક રમુજ કે ભયાનક છેતરપિંડી !!!




છેલ્લા કેટલાક સમયથી ડીપફેકસનો મુદ્દો અવાર-નવાર ઉછળી રહ્યો છે. ત્યારે આ ડીપફેકસ શું છે ? તે બાબતે પ્રકાશ પાડતો એક અહેવાલ ચારૂસેટ યુનિવર્સિટી ચાંગાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરી અને મુકવામાં આવ્યુ છે અને લોકોમાં પણ આ બાબતે જાગૃતિ આવે અને ડીપફેકસનો દુરૂપયોગ સામે અવાજ ઉઠાવી શકે તે બાબતે આ અહેવાલ ઉપયોગી સાબિત થશે. જન હિતાર્થે મુકવામાં આવેલા આ અહેવાલ અંગેની વિગતો ઉપર એક દ્રષ્ટીપાત કરીએ તો આજકાલ ડીપફેકસ શબ્દ છાપે ચડ્યો છે ! વૈજ્ઞાનિક શોધના દુરૂપયોગના કારણે આવું થાય છે. વિજ્ઞાન આપણને નવું નવું શોધીને સુવિધા આપે પણ એણે આપણને એનો સદુપયગ જ થાય એવું વચન આપ્યું નથી !! વૈજ્ઞાનિક શોધ કે સાધનનો ઉપયોગ માણસના વિવેક ઉપર અવલંબે છે. આ ડીપફેકસ શું છે ? ચાલો, ટુંકમાં સમજીએ... આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરીને કોઈના ચહેરાનો દુરૂપયોગ કરીને બીજા કોઈના ચહેરા સાથે ગોઠવીને વીડિયો કે ફોટો બનાવવાના કાર્યને ડીપફેકસ કહી શકાય. જે શોધનો હેતુ માનવજાતને ઉપયોગી થવાનો હોય તેનો દુરૂપયોગ કરીને કોઈ નિર્દોષની પજવણી કે બદનામી કરવાની ચેષ્ટા આજકાલ થઈ રહી છે. આ શોધના ફાયદા પણ છે. કોઈના જુના ફોટાને નવો, વિશેષ આકર્ષક કરવામાં કે આવા ફોટા કે વીડિયોને વેપાર-ઉદ્યોગની જાહેરાતો કરવામાં આ ટેકનોલોજી વપરાય તો તેનો ફાયદો છે. પરંતુ આ જ ટેકનોલોજીનો દુરૂપયોગ કરીને કોઈ નિર્દોષ વ્યક્તિને બદનામ કરીને તેને બ્લેક મેઈલ કરીને પૈસા પડાવવાનો ગોરખધંધો પણ આ ટેકનોલોજીના દુરૂપયોગ દ્વારા થઈ રહ્યો છે. સમાજ આ બાબતે જાગૃત થાય અને આવા દુરૂપયોગ સામે અવાજ ઉઠાવે, આ બાબતનો ભોગ બનનાર પ્રત્યે સદભાવ બતાવે અને આવો દુરૂપયોગ કરનારને શોધવામાં મદદ કરી તેને કાયદા દ્વારા સજા આપવામાં સજાગ રહી મદદ કરી શકે. સરકારે પણ આ બાબતે ગંભીરતા દાખવી વધારે કડક કાયદાઓ લાવીને આ બાબતને રોકવી જોઈએ તેવી લાગણી પ્રવર્તી રહી છે.

**:: જનહિતાર્થે પ્રકાશિત ::**

નિલકંઠ પનારા(ડીરરડીસીએસ૧૬૯), દર્શન માણાવદરિયા (ડીરરડીસીએસ૧૭૨), ક્રિતા મારડીયા (ડીરરડીસીએસ૧૭૦) (ચારૂસેટ યુનિવર્સિટી, ચાંગાના વિદ્યાર્થીઓ)

# વાઘ બકરી ફાઉન્ડેશન દ્વારા 'એનિમલ રેસ્ક્યુ વાન'નું લોકાર્પણ






(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૭ પારસભાઈ દેસાઈ – (એકઝીક્યુટિવ ડિરેક્ટર વાઘબકરી ગ્રુપ)ની દીઘર્દ્રષ્ટિ હેઠળ પર્યાવરણ સંરક્ષણ માટે વાઘબકરી ફાઉન્ડેશન દ્વારા વિદ્યાનગર નેચર કલબને વન્યપ્રાણી બચાવ વાહન અર્પણ કરવામાં આવ્યું. આ પહેલ વિદ્યાનગર નેચર કલબના આણંદ અને ખેડા જિલ્લામાં કાર્યરત મગર, સારસ અને ગીધના સંરક્ષણ પ્રકલ્પોને વધુ મક્કમ કરવામાં પ્રેરણા પૂરી પાડવાની છે.

વાઘબકરી ચા ફેક્ટરી, ખાંધલી ખાતે તુષારભાઈ ત્રિપાઠી (COO - વાઘબકરી ગ્રુપ) ના હસ્તે આ વાહનની ચાવી વિદ્યાનગર નેચર કલબને પરંપરાગત રીતે સોંપવામાં આવી. વાઘબકરી ગ્રુપના એકઝીક્યુટિવ ડિરેક્ટર પારસભાઈ દેસાઈએ આ પ્રકલ્પને સહઅસ્તિત્વ પ્રકલ્પ તરીકે નામાંકીત કર્યો. જે વાઘબકરી ગ્રુપના મુખ્ય ઉદ્દેશ્ય મનુષ્ય અને વન્યપ્રાણીઓ વચ્ચેના સુમેળભર્યા સહઅસ્તિત્વ ને સ્પર્શે છે. વિદ્યાનગર નેચર કલબના અનિરૂધ્ધ વસાવાએ વાઘબકરી ગ્રુપની આ ઉદાર મદદ માટે આભાર વ્યક્ત કર્યો હતો. ઉપરાંત, તેઓએ ભય હેઠળ મુકાયેલધ્ પ્રજાતિઓના ઝડપી બચાવમાં આ વન્યપ્રાણી બચાવ વાહન કેવી રીતે ઉપયોગી થશે તેની મહત્તા પર પ્રકાશ પાડ્યો હતો. બંને સંસ્થાઓનો આ સહયોગ જૈવવિવિધતાના બચાવ અને ટકાઉ પર્યાવરણકડીના ઉત્થાન માટે થઈ રહેલા કાર્યને દર્શાવે છે.

આ શુભપ્રસંગ હેઠળ ખાંધલી પ્રાથમિક શાળામાં પર્યાવરણ જાગૃતિ માટે એક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા પેઢીને પર્યાવરણ સંરક્ષણનું મહત્વ તેમજ ભય હેઠળ મુકાયેલી પ્રજાતિઓના સંરક્ષણ માટેની જરૂરિયાત સમજાવવાનો હતો. વાઘબકરી ફાઉન્ડેશનનો આ ટેકો વિદ્યાનગર નેચર કલબના પર્યાવરણીય સિદ્ધાંત અને આપણા ગ્રહની કિંમતી જૈવવિવિધતાના સંરક્ષણ માટે એક આધારસ્તંભ બની રહેશે.

# કુંડલાનાં ગ્રામીણ ડાક સેવકનાં અપહરણ અને લુંટ કેસમાં વિસાવદર તાલુકાનો મોણીયા ગામનો શખ્સ રીમાન્ડ ઉપર : તપાસનો ધમધમાટ

જૂનાગઢ તા. ૨૭ સાવરકુંડલા પોસ્ટ ઓફીસમાં ગ્રામીણ ડાક સેવકની નોકરી કરતા ભાર્ગવભાઈ હસમુખભાઈ બારૈયા તા. ૧૮ માર્ચનાં રોજ સાંજે બાઈક ઉપર મેંદરડા તાલુકાનાં મોટી ખોડીયાર ગામે પોતાનાં ઘરે જઈ રહયો હતો ત્યારે વિસાવદરનાં મોણીયા ગામ પાસે મોણીયા ગામનાં રાજ મકવાણા નામના શખ્સે છરી બતાવી ધમકી આપી અપહરણ કરી માર મારી રૂા. ૩૦ હજારનું બાઈક, રૂા. ૧૦ હજારનો મોબાઈલ ફોન અને ઘડીયાળ મળી કુલ રૂા. ૪૦૧૦૦ની લુંટ ચલાવી નાશી ગયો હોવાની ફરીયાદનાં આધારે યુવકનું બાઈક ગોંડલથી મળી આવતાં કબ્જે લેવામાં આવ્યું છે. દરમ્યાન આરોપી રાજ ઉર્ફે બારોટ ઉર્ફે રાજ ઉર્ફે ભગો ઉર્ફે જીવણો મનસુખ મકવાણાને વિસાવદરનાં તપાસનીશ પીએસઆઈ એસ.આઈ. સુમરાએ ૧૪થી વધુ ગુનામાં સ્ડોવાયેલ રાજ મકવાણાને દ્વારકાથી ઝડપી લઈ આજ બુધવાર સુધીનાં રીમાન્ડ ઉપર મેળવી અને પુછપરછ હાથ ધરવામાં આવી હતી. અને લુંટ બાદ મોબાઈલ ચોટીલામાં વહેંચ્યો હોય જે કબ્જે કરવા આરોપીને લઈ પોલીસ પહોંચી હતી. અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### કેરીનાં રસિયાઓ માટે મહત્વનાં સમાચાર

# તાલાલાની કેસર કેરીનું આગમન થઈ ગયું

## તાલાલાની કેસર કેરી બજારમાં મળી રહી છે, પાંચ કિલોનાં ભાવ ૨૦૦૦ રૂપિયા ભાવ છે

અમરેલી, તા.૨૭ સમગ્ર ગુજરાતમાં અને દેશમાં ગીર સોમનાથ જિલ્લાની તાલાલાની કેસર કેરી ખૂબ જ પ્રખ્યાત છે. કેસર કેરી એ સૌરાષ્ટ્રની શાન પણ ગણવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં મોટાભાગના વિસ્તારોમાં કેસર કેરીનું ઉત્પાદન થાય છે અને જેની નિકાસ વિદેશ સુધી કરવામાં આવે છે. આ વર્ષે ઉનાળાની સીઝનની શરૂઆત થઈ ગઈ છે અને તાલાલા ગીરની કેસર કેરી માર્કેટમાં આવી ગઈ છે. હાલ ૫ કિલોનો ભાવ ૨,૦૦૦ રૂપિયા બોલાય છે. તાલાલાના સ્થાનિક વેપારીએ જણાવ્યું કે, ચાલુ વર્ષે કેરીની સીઝન શરૂ થઈ છે અને હજુ અનેક વિસ્તારોમાં કેસર કેરીની આવક શરૂ થઈ નથી. પરંતુ આગોતરા પાકની કેસર કેરીની આવક શરૂ થઈ છે. હાલ જાહેર માર્કેટમાં ૨૦૦૦ રૂપિયાની પાંચ કિલો કેરીનો ભાવ બોલાય છે અને મોટી સંખ્યામાં પર્યટકો કેસર કેરીની ખરીદી પણ કરે છે. સ્થાનિક વેપારીએ વધુમાં જણાવ્યું કે, કેસર કેરીની સાથે હાફૂસ કેરીની આવક પણ શરૂ થઈ છે અને તાલાલા વિસ્તારમાં ૧૫૦૦ રૂપિયાની પાંચ કિલો હાફૂસ કેરીનો ભાવ બોલાવી રહ્યો છે. અને હાફૂસ કેરી પણ માર્કેટમાં આવી છે. ચાલુ વર્ષે સીઝનમાં આંબામાં ફ્લાવરિંગ ખૂબ મોડું આવ્યું છે અને ફ્લાવરિંગ લેટ આવવાના કારણે કેસર કેરીના ભાવમાં પણ વધારો થયો છે. સાથે જ બેવડી ઋતુનો માર પણ ખેડૂતોને સહન કરવો પડ્યો છે. બેવડી ઋતુ થવાને કારણે કેસર કેરીનું ફ્લાવરિંગ પણ ખરી પડ્યું છે અને ખાખડી પણ ખરી પડી હતી. જેથી કેસર કેરીનો ભાવ દર વર્ષ કરતાં આ વર્ષે વધુ રહેશે.

# રાજકોટમાં ફરી એકવાર એક યુવાનનું સંયમ પંથે પ્રયાણ



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૭ રાજકોટની રંગીલી જનતાને ધર્મરંગે રંગનારા રાજકોટમાં અનેક ચાતુર્માસ કરનારા પૂજય આચાર્ય ભગવંત શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજાની પાવન નિશ્રામાં ફરી એકવાર પ્રવ્રજયા મહોત્સવ આયોજીત થઈ રહ્યો છે. આ વર્ષે રાજકોટના જ બે હોનહાર યુવાનો સંયમ ગ્રહી ચુકયા છે, આ જ શૃંખલામાં આગળ વધુ એક યુવાનનો સમાવેશ થઈ રહ્યો છે. માતુશ્રી વૈશાલીબેન અને પિતાશ્રી મનીષભાઈના સુપુત્ર મુમુક્ષુ શ્રી જીમીતકુમાર ૨૧ વર્ષની ભર યુવાવયે સમસ્ત ભૌતિક સુખ સાધનોનો ત્યાગ કરી પ્રવ્રજયા પંથે પ્રયાણ કરી રહ્યા છે. ભગવાન મહાવીરના જન્મ કલ્યાણકના મંગલ દિને તા.૨૧ એપ્રિલ ૨૦૨૪ના રોજ રાજકોટ મુકામે શ્રીપ્લોટ મુ.પૂ. જૈન સંઘના અન્વયે આ મંગલ પ્રસંગ ઉજવાશે. આ નિમિતે પૂજય આચાર્ય ભગવંત શ્રીયશોવિજયસૂરીશ્વરજી મહારાજની રાજકટ નગરે મંગલ પધરામણી થઈ ચુકી છે. મુમુક્ષુ શ્રીજીમીતકુમારના રાજકોટ નગરના વિવિધ સંઘોમાં વર્ષીદાનની શોભાયાત્રા આયોજીત થઈ છે. પ્રવ્રજયા નિમિતે આ યોજાયેલા ઉત્સવ દરમ્યાન ૧૯ એપ્રિલના દિવસે ધવલ વસ્ત્રો ઉપર કેસર છાંટણાનો કાર્યક્રમ થશે. ૨૦ એપ્રિલના દિવસે મુમુક્ષુની શોભાયાત્રા થશે. ૨૧ એપ્રિલના રોજ વહેલી પરોઢે પાંચ વાગે પ્રવ્રજયા વિધિનો પ્રારંભ થશે.

**:: ઉઠમણું તથા પ્રાર્થનાસભા ::**

જૂનાગઢ : સ્વ. રંજનબેન વૃજલાલ દામાણી તે જૂનાગઢ પાંજરાપોળ ગૌશાળાનાં ટ્રસ્ટી ઉ. પ્રમુખ વી.એસ. દામાણી સાહેબનાં ધર્મપત્ની તા. ૨૬-૩-૨૦૨૪નાં અરીહંતશરણ પામેલ છે. તેમનું ઉઠમણું ઉનેવાળ બ્રાહ્મણ બોર્ડીંગ રેલ્વે ફાટક પાસે તા. ૨૮-૩-૨૦૨૪ના રોજ ગુરૂવારે સવારનાં ૧૦.૩૦ કલાકે અને પ્રાર્થનાસભા ૧૧ કલાકે રાખવામાં આવેલ છે.

**:: અવસાન નોંધ ::**

આદિત્યાણા : બોખીરા (પોરબંદર)ના સ્વ. જીતેન્દ્રભાઈ જેશંકરભાઈ બાપોદરા (ઉ.વ. ૫૬) તે ભાનુશંકરભાઈ, મહેશભાઈ, રાજેશભાઈ બાપોદરાનાં ભાઈ, વિભાબેન રવિભાઈ જોષીનાં પિતાનું તા. ૨૬-૩-૨૦૨૪ને મંગળવારના દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું બોખીરા ખાતેનાં નિવાસ સ્થાને તા. ૨૮-૩-૨૦૨૪ને ગુરૂવારે સાંજે ૪ થી ૫ રાખવામાં

### આ મહિને કેન્દ્રીય કર્મચારીઓને બંપર સેલેરી મળવાની છે

# સરકારી કર્મચારીઓને માર્ચ મહિનાની સેલેરી વધીને આવશે

નવી દિલ્હી, તા.૨૭ હવે ગણતરીના દોવાસોમાં કેન્દ્રીય કર્મચારીઓના બેંક ખાતામાં સેલરી આવી જશે. આ મહિને કેન્દ્રીય કર્મચારીઓને બમ્પર સેલરી મળવાની છે. કેન્દ્રીય કર્મચારીઓને માર્ચ મહિનામાં જાન્યુઆરી અને ફેબ્રુઆરીની DA એરીયર, માર્ચનું વધેલું DA અને વધેલું HRA મળશે. જણાવી દઈએ કે, કેન્દ્ર સરકારે માર્ચમાં મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કર્યો છે. જેને લઈને હવે કેન્દ્ર સરકારના કર્મચારીઓનું DA વધીને ૫૦ ટકા થઈ ગયું છે. તેમજ કેન્દ્ર સરકારના પેંશનર્સ માટે મોંઘવારી રાહત પણ ૪ ટકાથી વધીને ૫૦ ટકા થઈ ગયું છે. આ વધારવામાં આવેલું DA અને DR ૧ જાન્યુઆરી, ૨૦૨૪થી લાગુ માનવામાં આવશે. જેનાથી લગભગ ૪૯.૧૮ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૬૭.૯૫ લાખ કેન્દ્ર સરકારના પેંશનર્સને ફાયદો થશે. મોંઘવારી ભથ્થું કેન્દ્રીય કર્મચારીઓ અને પેંશનર્સની સેલરીનો એક ભાગ છે. જેથી DAમાં વધારો થવાના કારણે કેન્દ્ર સરકારના કર્મચારીઓની ટેક હોમ સેલરી પણ વધી જશે. આવ્યું છે કે, માર્ચ મહિનામાં કેન્દ્રીય કર્મચારીઓને કેટલી સેલરી વધીને મળશે. અહીં આપણે એક ઉદાહરણ દ્વારા સમજીશું કે કોઈ કેન્દ્રીય કર્મચારીને કેટલી સેલરી વધીને મળશે. જો કોઈ કેન્દ્રીય કર્મચારીની બેઝિક સેલરી ૪૫,૭૦૦ રૂપિયા છે. અગાઉ ૪૬ ટકાના હિસાબે તેમનું મોંઘવારી ભથ્થું ૨૧,૦૨૨ રૂપિયા હતું. ત્યારે હવે DA વધીને ૫૦ ટકા થવાના કારણે તેમનું મોંઘવારી ભથ્થું વધીને ૨૨,૮૫૦ રૂપિયા થઈ જશે. આમ તે કર્મચારીને ૧૮૧૮ રૂપિયા વધુ મળશે. જણાવી દઈએ કે, કેન્દ્રીય કર્મચારીઓને હાઉસ રેન્ટ એલાઉન્સ મળે છે, જે તેમના રહેઠાણના લોકેશન પર આધાર રાખે છે. ૭માં પગારપંચની ભલામણોના અનુસાર, ૧ જુલાઈ, ૨૦૧૭થી કલાસ X, રૂ અને Z શહેરો માટે HRAને બેઝિક સેલરીના ક્રમશઃ ૨૪ ટકા, ૧૬ ટકા અને ૮ ટકા બનાવાયું છે. જ્યારે DA ૨૫ ટકા સુધી પહોંચી ગયું, ત્યારે ૭માં પગાર પંચની ભલામણો અનુસાર, X, રૂ અને Z શહેરોમાં HRAના દર બેઝિક સેલરીના ૨૭ટકા, ૧૮ ટકા અને ૯ ટકા સુધી રિવાઈઝ કરાયા હતા. હવે DA ૫૦ ટકા સુધી પહોંચ્યા બાદ સરકારે તેને ફરી રિવાઈઝ કર્યું છે.

દા.ત. કેન્દ્ર સરકારના કોઈ કર્મચારીને બેઝિક સેલરી તરીકે ૪૫,૭૦૦ રૂપિયા મળતા હોય અને તેઓ રૂ કેટેગરીના શહેરમાં રહેતા હોય. તો અત્યાર સુધીમાં તેમનું HRA ૮૨૨૬ રૂપિયા હતું અને હવે DA વધીને ૫૦ ટકા થવા પર તેમનું HRA વધીને ૨૦ ટકા થઈ જશે. પરિણામે તેમનું HRA રિવાઈઝ થઈને ૯૧૪૦ રૂપિયા થઈ જશે.

# જૂનાગઢવાસીઓએ હોળી-ધુળેટી પર્વને અનોખી રીતે ઉજવ્યું : અચૂક મતાધિકારનો ઉપયોગ કરવા આપ્યો સંદેશ

## હોલીકાદહન પર્વે મતદાન માટે જનજાગૃતિ અર્થે સિગ્નેચર કેમ્પેઈન : નાગરિકોએ ઉત્સાહ દાખવ્યો









જૂનાગઢ તા.૨૭

રંગોના પર્વ ધુળેટીની જૂનાગઢવાસીઓએ અનોખી રીતે ઉજવણી કરી છે, હાલમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ જાહેર થવાની સાથે લોકશાહીના મહાપર્વની ઉજવણી પણ શરૂ થઈ છે, ખાસ કરીને લોકોને મતાધિકારનો અચૂક ઉપયોગ કરવા માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે, ત્યારે જૂનાગઢવાસીઓએ હોળી-ધુળેટીનો આનંદ ઉલ્લાસ સાથે ઉજવણી કરવાની સાથે લોકશાહીના મહાપર્વમાં અચૂક મતદાન કરવાનો સંદેશ પણ આપ્યો હતો.

જૂનાગઢ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અનિલકુમાર રાણાવસીયાનાં માર્ગદર્શન તળે સ્વેપ નોડલ અધિકારી લતાબેન ઉપાધ્યાય અને સુશ્રી જલ્પાબેન ક્યાડા તેમજ ટીમ દ્વારા મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. લોકશાહીના મહાપર્વમાં પોતાનું યોગદાન આપવા મતદાન કરવું અનિવાર્ય છે. જૂનાગઢ શહેરનાં મધુરમ વિસ્તારનાં દિપાંજલીનાં ઓમરાકરેશ્વર મહાદેવ પ્રાંગણમાં હોલીકાદહન પર્વે અને ધુળેટીનાં રગોત્સવ પ્રસંગે **"Sveep"** કાર્યક્રમ અંતર્ગત મતદારોને જાગૃત કરવા અને મતદાનની નૈતિક ફરજ અદા કરવા પત્રિકા વિતરણ તથા જાહેર સ્થળો પર બેનર લગાવવામાં આવ્યા હતાં. ઉપરાંત ધૂળેટીના દિવસે રંગોત્સવ મનાવવાની સાથે મતદાન જાગૃતિનો સંદેશ આપ્યો હતો.

મતદાન કરવાના સંકલ્પને દર્શાવતા અને સશકત લોકશાહી માટે મતદાનના મહત્વને સમજાવતા સૂત્રો સાથે યોજાયેલ સિગ્નેચર કેમ્પેઈને દિપાંજલી વિસ્તારમાં હોલી પર્વની ઉજવણી સ્થળે ઉપસ્થિત લોકોમાં મતદાર જાગૃતિના આ નવતર પ્રયાસે નગરજનોમાં આકર્ષણ જન્માવ્યું હતુ. આ કેમ્પેઈનમાં યુવાઓ અને વરિષ્ઠ મતદારોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉપરાંત મતદાન કરવાનાં સંકલ્પને દર્શાવતા અને દેશના ભવિષ્ય અને સશકત લોકશાહી માટે મતદાનના મહત્વને સમજાવતા વાક્યો સિગ્નેચર કેમપેઈન દરમિયાન મતદારોએ ઉત્સાહભેર ટાંક્યા હતા.

ઉલ્લેખનીય છે કે, **"SVEEP"** એટલે કે **Systematic Voter's Education and Electoral Participation** એ ભારતના ચૂંટણી પંચનો દેશમાં મતદાર શિક્ષણ, મતદાર જાગૃતિ ફેલાવવા અને મતદાર સાક્ષરતાને પ્રોત્સાહન આપવા માટેનો મુખ્ય કાર્યક્રમ છે. લોકશાહીમાં નાગરિકોની સાર્વત્રિક અને પ્રબુદ્ધ ભાગીદારી માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા સ્વીપ કાર્યક્રમ થકી દરેક નાગરિકને મતદાર તરીકે નોંધણી કરાવવા અને ચૂંટણી અંગે માહિતગાર કરી, નૈતિક રીતે પોતાનો મત આપવા માટે જાગૃત,સક્ષમ અને સશક્ત કરવામાં આવે છે.

# પરવાનગી વગર વાહનોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહીં

## જીલ્લા મેજિસ્ટ્રેટ અનિલકુમાર રાણાવસિયાએ ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાતા વાહનો માટે જરૂરી નિયમન મૂકતુ જાહેરનામુ બહાર પાડ્યું

જૂનાગઢ, તા.૨૭

ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા ચૂંટણી પ્રકારના કામે વાહનોનો ઉપયોગ થનાર છે. આ વાહનોના ઉપયોગના કારણે જાહેર જનતાને કોઈ ભય, ત્રાસ કે નુકસાન ન પહોંચે મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયામાં વાહનોનો દુરુપયોગ અટકે, ચૂંટણીની આદર્શ આચારસંહિતાનું પાલન થાય તથા ચૂંટણી પ્રચારમાં વાહનના ઉપયોગ બાબતે આક્ષેપ પ્રતિ આક્ષેપ દ્વારા જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચૂંટણી પ્રચાર માટે વાહનોના ઉપયોગ માટે નિયમો કરવા જરૂરી છે. આ માટે જિલ્લા મેજિસ્ટ્રેટ અનિલકુમાર રાણાવસિયાએ એક જાહેરનામું બહાર પાડી ચૂંટણી દરમિયાન વાહનોના ઉપયોગ માટેની શરતો કાયદાની રુએ બહાર પાડી છે.

આ જાહેરનામા મુજબ ચૂંટણી પ્રચારના વાહનમાં જાહેરાત એવી રીતે લગાડવાની રહેશે કે ડ્રાઈવરને વાહન ચલાવતી વખતે આગળ પાછળ તથા બંને બાજુ એ વિઝનમાં અવરોધ ઊભો ન થાય, માઈક કે ઓડિયો વીડિયો લાઉડ સ્પીકરની મંજૂરી સક્ષમ અધિકારી શ્રી પાસેથી મેળવવાની રહેશે મંજૂરી વગર તેનો ઉપયોગ કરી શકાશે નહીં, સ્પીડ લિમિટ માટે સરકારશ્રીના જાહેરનામાનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે, લોકતાંત્રિક વ્યવસ્થામાં ચૂંટણી સમયે આવી મંજૂરી ભારતના ચૂંટણી પંચે નિયત કરેલ તારીખ અને સમય સુધી અમલી રહેશે, પ્રાદેશિક વાહન વ્યવહાર સમિતિ જુનાગઢ દ્વારા ટુ વ્હીલર અને થ્રી વ્હીલર ટ્રાન્સપોર્ટ વાહન માટે રૂ.૫૦૦ અને અન્ય ટ્રાન્સપોર્ટ વાહનો માટે રૂા.૧૦૦૦ જેટલી ફી નું ધોરણ રાખવામાં આવ્યું છે.

ટ્રાન્સપોર્ટ વાહનના ડ્રાઈવરને વાહન ચલાવવામાં અડચણ ન થાય તે રીતે ફીટીંગ કરવાનું રહેશે, આવી પરવાનગી માગનાર વાહન માલિકના વાહનના તમામ દસ્તાવેજો જેવા કે ટેક્સ, પરમીટ, ફિટનેસ વગેરે અમલી હોવા જોઈશે, મોટર વાહન અધિનિયમ તથા તેના હેઠળ ઘડેલ કેન્દ્રીય મોટર વાહન નિયમો તથા ગુજરાત મોટર વાહન નિયમોનું કડકપણે પાલન કરવાનું રહેશે, સુરચીનો ભંગ કરે તેવી કે અશ્લીલ જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહીં, વાહનના મૂડ માળખામાં **(basic feature)** ફેરફાર થાય એ રીતે કે વાહનના મૂડ માળખામાં ફેરફાર કરીને આવી કોઈ જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહીં, મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ના માર્ગ સલામતીના ધોરણો જોગવાઈનો ભંગ થવો જોઈએ નહીં. આ માટે કોઈપણ રાજકીય પક્ષ કે ઉમેદવારે ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાના વાહન અંગે પ્રથમ મોટર વ્હીકલ એક્ટ હેઠળ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની પરવાનગી એનઓસી મેળવીને તેની નકલ સાથે સંબંધિત મદદની ચૂંટણી અધિકારી અધિકૃત અધિકારી પાસે રજૂ કરી ચૂંટણી પ્રચાર માટેના વાહનોની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. પરવાનગી મેળવનાર રાજકીય પક્ષ ઉમેદવાર કે ટેકેદારોએ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

કોઈપણ રાજકીય પક્ષ કે ઉમેદવાર કે તેમની સહમતીથી કોઈ વ્યક્તિ દ્વારા ઉમેદવારના ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનોની મદદની ચૂંટણી અધિકારી- અધિકૃત અધિકારી પાસે નોંધણી કરાવવાની રહેશે અને નોંધણી કરાયેલ વાહન સંબંધેની પરમિટ મેળવીને, ઓરીજનલ પરમિટ વાહનની ઉપર સહેલાઈથી દેખાય આવે તે રીતે વિન્ડ સ્ક્રીન ઉપર ચોટાડવાની રહેશે. આ પરમિટમાં વાહન કયા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવેલ છે તેની સ્પષ્ટ વિગતો પણ દર્શાવવાની રહેશે. પરમિટ મેળવ્યા સિવાય અને વાહન નોંધણી કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહીં.

ભારતીય ચૂંટણી આયોગના આદેશ મુજબ કોઈપણ સંજોગોમાં રાજકીય પક્ષ કે ઉમેદવાર કે ચૂંટણી એજન્ટે ચૂંટણીના પ્રચાર માટે કાફલામાં ૧૦ થી વધુ વાહનો એકી સાથે લઈ જઈ શકશે નહીં તેવું ઠરાવેલ છે. આથી ચૂંટણી આયોગના આદેશની અમલવારી કરવા આ જિલ્લામાં આવેલ તમામ રાજકીય પક્ષો ઉમેદવારો અને તેમના ચૂંટણી એજન્ટોને ફરમાવવામાં આવ્યું છે કે, ચૂંટણીના પ્રચાર માટે જતા કાફલામાં એકી સાથે ૧૦ વાહનો જ રહેશે અને ત્યાર પછીના કાફલા માટે વચ્ચે ૧૦૦ મીટરનો ગેપ રાખવાનો રહેશે. રાજકીય પક્ષે ઉમેદવારે આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો ખર્ચ રજીસ્ટરમાં નોંધવાની રહેશે. આ નિયંત્રણો યાંત્રિક શક્તિથી કે અન્ય કોઈ રીતે ચાલતા વાહનોને લાગુ પડશે આવા વાહનોમાં ટેકસી, ખાનગીકાર, ટ્રેલર સાથેનું કે તેના વિનાનું ટ્રેક્ટર ઓટો રીક્ષા, ઈ-રીક્ષા, સ્કૂટર, મીનીબસ, સ્ટેશન વેગન વગેરેનો સમાવેશ થાય છે પરંતુ આ નિયંત્રણો માત્ર આ જ વાહનો પૂરતા મર્યાદિત રહેશે નહીં. આ જાહેરનામાનો ભંગ કર્યેથી કસુરવાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે. આ જાહેરનામું ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી અમલમાં રહેશે.

# ચૂંટણી પ્રચાર માટે ધાર્મિક સ્થળોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ

## કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ બહાર પાડ્યું જાહેરનામુ

જૂનાગઢ,તા.૨૭

ભારતના ચૂંટણી પંચે લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ તથા વિધાનસભા પેટા ચૂંટણી માટેનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે. જે અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં તા.૦૭/૦૫/૨૦૨૪ના મતદાન કરવામાં આવશે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા ધાર્મિક સ્થળોનો ચુંટણી પ્રચાર માટે ઉપયોગ ન થાય તે અંગેના નિયંત્રણ રાખવા જરૂર છે. આ માટે જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી અનિલ રાણાવસિયાએ જાહેરનામુ બહાર પાડ્યું છે.

જાહેરનામા મુજબ કોઈ પણ મંદિર, મસ્જીદ, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈપણ ધાર્મિક/પ્રાર્થના સ્થળોનો ચુંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકશે નહીં. ધાર્મિક સંસ્થાઓ (દુર ઉપયોગ નિવારણ) અધિનિયમ-૧૯૮૮ હેઠળ ધાર્મિક સંસ્થાઓના ફંડ અને જગ્યાનો ચુંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાતો નથી તેથી તે કાયદાનું અસરકારક રીતે પાલન કરવાનું રહેશે. કોઈ પણ સ્થળે ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવે તે સ્થળોએ કોઈ પણ જાતના ચુંટણી પ્રચાર માટેના બેનર લગાવવા નહિ, ચોપાનીયા વહેંચવા નહી કે કોઈ પણ રાજકીય નેતાઓ કે આયોજકોએ ચુંટણી પ્રચાર માટે પ્રવચન કરવુ નહી, સભ્યો નોંધણી કરવા નહીં, ચૂંટણી પ્રચાર માટેના સ્ટોલ રાખવા નહીં કે ચૂંટણી સંબંધી કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃતિ કરવી નહીં. આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમ સમગ્ર જૂનાગઢ જિલ્લાના વિસ્તારમાં તાત્કાલીક અસરથી અમલમાં આવશે અને તે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

# ખોવાયેલ મોબાઈલ મુળ માલીકને પરત કરતી જૂનાગઢ બી ડીવીઝન પોલીસ



જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢ બી ડીવીઝન પોલીસ દ્વારા સુંદર કામગીરી કરી ખોવાયેલ મોબાઈલ મુળ માલીકને પરત કર્યો છે. આ બનાવ અંગેની મળતી વિગત અનુસર જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક નીલેશ જાજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના સીધા માર્ગદર્શન હેઠળ તથા નાયબ પોલીસ અધિક્ષક હીતેશ ધાંધલ્યાની સુચના મુજબ જૂનાગઢ જીલ્લામાં પોલીસ પ્રજાનો મીત્ર બને પોલીસ પ્રત્યે પ્રજામા વિશ્વાસની ભાવના રહે. જે અંતર્ગત જૂનાગઢ બી.ડીવીઝન પોલીસ સ્ટેશન.ના પોલીસ ઈન્સપેકટર એચ.પી.ગઢવીની સુચના અન્વયે આજથી બે માસ પહેલા કેશોદ તાલુકાના અગતરાય ગામના ઈકો કાર ચાલક ભનુભાઈ ખીમભાઈ રાઠોડનો સેમસંગ કંપનીનો એ૩૪ મોડેલનો મોબાઈલ ફોન કીમત રૂા.૨૭૦૦૦નો શરત ચુકથી જૂનાગઢ બસસ્ટેશન નજીક પડી ગયેલ જે અંગે જૂનાગઢ બી.ડીવી.પોલીસ સ્ટેશન ખાતે મોબાઈલ ગુમ થયા અંગે અરજી આપતા આ કામે ડીવાયએસપી કચેરી ખાતેથી મોબાઈલ ના ઈએમઈઆઈ નંબર આધારે હાલ ચાલુ રહેલ સીમ કાર્ડ ની વીગત તેમજ મોબાઈલ નંબર મેળવી તપાસ કરતા આ મોબાઈલ મળી આવતા મોબાઈલ ધારકને ખોવાયેલ મોબાઈલ મળ્યા અંગે જાણ કરી જુનાગઢ બી.ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે બોલાવી તેઓનો ખોવાયેલ મોબાઈલ પરત ફરેલ હતો.

આ કામગીરીમાં જૂનાગઢ બી.ડીવી. પો.સ્ટે.ના પો.હેડકોન્સ ડી.કે.ગઢવી તથા મહે.ડીવાયએસપી કચેરીના ટેકનીકલ સેલના એ.એસ.આઈ કમલેશભાઈ કીડીયા વગેરે પોલીસ સ્ટાફએ સાથે રહી કામગીરી કરેલ છે.

# જમાતે ઈસ્લામી હિંદ જૂનાગઢ દ્વારા સામુહિક ઈફતારી નો કાર્યકમ યોજાયો



જુનાગઢ તા.૨૭

પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ જમાતે ઈસ્લામે હિન્દ જુનાગઢ દ્વારા સામુહિક ઈફતારીનો કાર્યાકમ યોજવામાં આવ્યો હતો. જેમા મેમણવાડા સ્થિત માંગરોળિયા ઘાંચી જમાતખાના માં ધાર્મિક પ્રવચન બાદ ઈફતારી નો કાર્યાક્રમ યોજવામા આવ્યો હતો. આ કાર્યકમમાં સમાજના તમામ વર્ગના અગ્રણીઓ અને સમાજીક આગેવાનો એ ભાગ લીધો હતો. મોલાના ઈસરાફીલે પવિત્ર ગ્રથ કુરાન વિષે સમજણ આપી હતી. એકતા ભાઈચારા અને દેશની સર્વાંગી પ્રગતીની દુવાઓ સાથે કાર્યાક્રમ સફળતા પુર્વક સંપન થયો હતો. આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે જમાઅતે ઈસ્લામી હિંદ શાઈન હાઈજીન એન્ડ હેલ્થ સોસાયટી અને સ્ટુડન્ટ ઓર્ગેનાઝેશન ના કાર્યકરો દ્વારા ભારે જેહમત ઉઠાવવામાં આવી હતી.

# દ્વારકા જીલ્લામાં એકપણ મતદાર મતદાનથી વંચિત ન રહે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા સઘન કામગીરી



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૭

મતદારોની દ્રષ્ટીએ ભારત એ વિશ્વની સૌથી મોટી લોકશાહી છે, સાથોસાથ વિશાળ અને વૈવિધ્યસભર ભૂપૃષ્ઠોને કારણે પણ દેશનો એકપણ નાગરિક મતદાનના અધિકારથી વંચિત રહી ન જાય તે સુનિશ્ચિત કરવું એ પણ મોટો પડકાર છે. પરંતુ ભારતના ચૂંટણી પંચના 'ઈટ્રીઅિ ફી ર્ક્ેહંજ' ના અભિગમને સાર્થક કરવામાં દેવભૂમિ દ્વારકા જિલ્લાનું ચૂંટણી તંત્ર પણ એટલું જ સુસજ્જ છે. જ્યાં પરિવહનની જરૂરી વ્યવસ્થાઓના અભાવે પહોંચવું મુશ્કેલીભર્યું હોય છે અથવા મતદારોને મતદાન કરવા દૂર સુધીનું અંતર કાપવું પડે છે. આવી તમામ વિપરિત પરિસ્થિતિઓમાં પણ જિલ્લા ચૂંટણી અધિકારી જી.ટી. પંડ્યાના વડપણ હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અજાડ ટાપુ સહિતના સ્થળોએ વિશિષ્ટ મતદાન મથકો તૈયાર કરી ભારતના ચૂંટણી પંચના **'Every Vote Counts'** ના સંકલ્પને સાર્થક કરવાના સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાનું આવું જ એક સ્થળ છે અજાડ ટાપુ. અજાડ ટાપુ મતદાન મથક દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા મતવિસ્તારમાં આવેલું છે. જે ટાપુ દરિયા કિનારાથી લગભગ ૧૦ કિ.મી. દૂર છે. આ વિસ્તારના માત્ર ૪૦ મતદારો માટે તંબુ (િહં) માં મતદાન મથક તૈયાર કરવામાં આવે છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ ટાપુ પર એક મતદાન મથક સ્થાપિત કરવામાં આવે છે, જેથી મતદારો તેમના મત આપવાના મૂળભૂત અધિકારથી વંચિત ન રહે. પરિવહનનો એકમાત્ર રસ્તો બોટ છે, આ મતદાન મથક ખાતે મતદાન સ્ટાફને મોટા આસોટાથી ૧૩ કિ.મી. જેટલા રસ્તા મારફતે ગડુ વિસ્તાર પહોંચી ત્યાંથી બોટ મારફત અંદાજિત ૪.૩ નોટીકલ માઈલ દરિયાઈ મુસાફરી કરે છે અને મતદાન મશીનો સાથે તમામ જરૂરી સામગ્રી લઈ જાય છે.

મતદાન મથક માટે તેની ભૌતિક અને ભૌગોલિક વિશિષ્ટતા અને અંતરને ધ્યાનમાં રાખીને અલાયદો માર્ગ નક્કી કરવામાં આવે છે. ટાપુ ખાતે ટેન્ટ લગાવી તેનો મતદાન મથક તરીકે ઉપયોગ થાય છે. જ્યાં તમામ ખાતરીપૂર્વકની લઘુત્તમ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. સર્વસમાવેશી ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે ગુજરાતના પ્રયાસનું આ એક ઉત્તમ ઉદાહરણ સમાન છે. આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લાનું આવું જ એક મતદાન મથક છે કિલેશ્વર નેસ. આ મતદાન મથક દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા મતવિસ્તારમાં આવેલું છે. નેસ વિસ્તારમાં બરડા પર્વતના ઊંડા જંગલ વિસ્તારમાં આવેલ આ વિસ્તારમાં ૫૧૬ જેટલા મતદારો નોંધાયેલા છે. તે મતદાન મથક સાથે સંપર્ક કરવાનું એકમાત્ર સાધન વાયરલેસ સેટ છે. અહીં પણ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન અંગેની તમામ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી દરેક મતદાર મતદાન કરી શકે તેની પૂરતી કાળજી લેવામાં આવે છે.

# ઉનામાં બાલ ગણેશ મિત્ર મંડળ એતિહાસિક હોળી



(નિરવ ગઢીયા દ્વારા) ઉના તા. ૨૭

ઉનામાં બાલ ગણેશ મિત્ર મંડળ દ્વારા વર્ષોથી ઐતિહાસિક હોળીકા દહન કરવામાં આવે છે. જેમાં અબીલ, ગુલાલ સાથે ફૂલોથી ઉતાસણી પ્રગટાવવામાં આવે છે. જેમાં દરેક ઘરેથી છાણા અને લાડકા લાવી ભવ્ય હોલિકા પ્રગટાવવામાં આવે છે જેમાં નવ યુગલો તેમજ નવજાજત શિશુને વાડ કાઢી લોકો વાજતે ગાજતે ભવ્ય હોલિકા દહનનો કાર્યક્રમ કરે છે.

# ઉના ગુરૂકુલમાં દીક્ષાંત સમારોહ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૭

ઊના ગુરૂકુલમાં શાસ્ત્રી ધર્મપ્રસાદદાસજી આર્ટસ, કોમર્સ, બી.એડ કોલેજમાં તાજેતરમાં તા, ૨૩l૦૩l૨૦૨૪ ના શનિવારના રોજ સંસ્થાના અધ્યેક્ષા પૂ. માધવદાસજી સ્વામીના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો " દીક્ષાંત સમારોહ " વિદાય લેતાં ૩૦૦ છાત્ર છાત્રાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વિદાય લેતાં ભાઈઓ બહેનોએ કોલેજના સૌ ગુરુજનોનું કુમાર કુમનો ચાંદલો કરી, સ્મૃતિઓ ભેટ કરી હતી. આ ઉપરાંત કોલેજના બેસ્ટ સ્ટુડન્ટસનું સન્માન કરાયું હતું. જેમાં બી,એડ્ નાં સોલંકી મમતાબહેન, આર્ટસમાં હિરેનભાઈ લાખણોત્રા, કોમર્સમાં લીંબાણી પૂજાબહેન વરાયાં હતાં. તેમને મોટા સ્વામીએ ખૂબ - ખૂબ અભિનંદન પાઠવ્યા હતા સાથે આશીર્વાદ આપ્યા હતા અને શિલ્ડ અર્પણ કરી નવાજયા હતાં.

### પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# હોળી નિમિત્તે જરૂરિયાત મંદ સિનિયર સિટીઝન્સને વિનામૂલ્યે કીટ વિતરણ



જૂનાગઢ તા. ૨૭

કૃષ્ણ શેરી, હવેલી ગલી ખાતે શ્રીમતી ચેતનાબેન મિશ્રાણી દ્વારા તા.૨૨-૦૩-૨૦૨૪ ને શુક્રવાર નાં રોજ સવારે ૧૦ વાગ્યે હોળી નિમિત્તે જરૂરિયાત મંદ સિનિયર સીટીઝન્સને વિનામૂલ્યે કીટ વિતરણ કરવામાં આવ્યું કરવામાં આવી હતી. જેમાં ધાણી, દાળિયા, ખજૂર, મમરા થેલી, ગોળ , ગાંઠીયા,બિસ્કીટ, પૌવા, કાચી ખીચડી વગેરે જેવી વસ્તુઓનો વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય દાતાશ્રીઓમાં પંકજભાઈ પલાણ, ચંદ્રકાંતભાઈ સવાણી રહેલા. રઘુવંશી સખી સે વૃંદના બહેનોના સાથ સહકારથી આ ભગીરથ કાર્ય સંપન્ન થયેલ હતો. જેમાં બીનાબેન પોપટ, દમયંતીબેન રાજપરા, ભાવનાબેન અઢીયા તરફથી ધાણી, હર્ષાબેન સોની તરફથી ખજૂર, મોરજરીયાબેન તરફથી કાચી ખીચડી આપવામાં આવી. બધા બહેનો સાથે મળીને હોળીના રસિયા રમ્યા અને લાભાર્થી હંસાબેન જોટાણીયાનો સ્વર્ગવાસ થતા શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવેલ હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# ચૂંટણીમાં કાળા નાણાંની વધતી અસરથી રાજનીતિની સુચિત પ્રભાવિત

એક લોકતંત્રની સફળતા ચૂંટણી પ્રક્રિયામાં સ્વતંત્રતા, પારદર્શિતા અને નિષ્પક્ષતાથી નિર્ધારિત થાય છે. ચૂંટણી એક ખર્ચાળ પ્રક્રિયા પણ છે, તો એ કારણે તેમાં ચૂંટણી ફંડની ભૂમિકા મહત્ત્વની થઈ જાય છે. આ જ ફંડ સાથે જોડાયેલ ચૂંટણી બોન્ડનો મુદ્દો હાલમાં મથાળાંમાં ચમકી રહ્યો છે. ભારતમાં દેશી-વિદેશી ચૂંટણી ફંડને લઈને રખાતી ગોપનીયતાની પરંપરા દાયકાઓ જૂની છે. વિદેશી ફંડિંગ બાબતે ૧૯૬૭માં તત્કાલીન કેન્દ્રીય ગૃહમંત્રી યશવંતરાવ બલવંતરાવ ચવ્હાણે લોકસભામાં એ જાણકારી આપી હતી, 'આ દેશના રાજકીય પક્ષોને મળેલા વિદેશી ફંડ વિશે ભારતના કેન્દ્રીય ગુપ્તચર વિભાગના રિપોર્ટને પ્રકાશિત નહીં કરવામાં આવે, કારણ કે તેના પ્રકાશનથી અનેક વ્યક્તિઓ અને પક્ષોના હિતોની હાનિ થશે.' આના પહેલાં વિપક્ષી દળોના કેટલાક નેતાઓએ તેના પ્રકાશનની માંગ કરી હતી. આ પ્રકારે એ સમયે કેન્દ્રમાં સત્તારૂઢ ઈન્દિરા ગાંધી સરકારે એ પરંપરા સ્થાપિત કરી દીધી કે રાજકીય ફંડ મામલે દેશને ભલે નુક્સાન થાય, પરંતુ રાજકીય પક્ષો અને નેતાઓને કોઈ નુક્સાન ન થવું જોઈએ. એ પરંપરા લગભગ આજે પણ દેશમાં ચાલુ જ છે. એવામાં એ જૂની માંગ પર ફરી એક વખત ધ્યાન આપવાની જરૂર છે કે માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોને ચૂંટણી પ્રચારના જરૂરી ખર્ચા ખુદ સરકાર ઉઠાવે. ૧૯૬૭ની લોકસભા ચૂંટણીમાં સાત રાજ્યોમાં કોંગ્રેસ હારી ગઈ હતી. ત્યાં સુધી લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી સાથે સાથે જ થતી હતી. યાદ રહે કે ૧૯૬૭માં લોકસભા ચૂંટણીના થોડા મહિનાની અંદર પક્ષપલટાને કારણે બે અન્ય રાજ્યો ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશની કોંગ્રેસ સરકારો પણ ગબડી ગઈ હતી. ત્યારબાદ ત્યાં પણ બિનકોંગ્રેસી સરકારો બની હતી. ચોથી લોકસભા ચૂંટણીમાં લોકસભામાં પણ કોંગ્રેસની બહુમતી ઘટી ગઈ હતી. એટલે કે આજનો એ તર્ક યોગ્ય નથી કે વિવિધતાઓવાળા આ દેશમાં લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી અલગ-અલગ થવી જોઈએ. જ્યારે સાથે ચૂંટણી થવા પર પણ પરિણામ અલગ-અલગ આવતાં જ હતાં, તો ફરી એક વખત એક સાથે ચૂંટણી કરાવવામાં નુક્સાન શું છે? અસલમાં તેના લાભ વધારે છે.

ભૂતકાળમાં જોઈએ તો ૧૯૬૭ની ચૂંટણી હાર પર તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી ચિંતિત થઈ ગયાં હતાં. પહેલેથી જ તેમણે એક અપુષ્ટ સમાચાર મળી રહ્યા હતા કે આ ચૂંટણીમાં વિદેશી ધનનો ઉપયોગ થયો છે. ત્યારે ઈન્દિરા ગાંધીને એવું લાગ્યું કે વિદેશી ધન માત્ર વિપક્ષી દળોને મળ્યું. ઈન્દિરા સરકારે કેન્દ્રીય ગુપ્તચર વિભાગને તેની તપાસની જવાબદારી સોંપી. તપાસ રિપોર્ટ સરકારને સોંપી દેવામાં આવ્યો, પરંતુ રિપોર્ટ સરકારે દબાવી દીધો. એવું એટલા માટે, કારણ કે તે રિપોર્ટ સત્તારૂઢ પક્ષ માટે પણ અસહજ કરનારો હતો. તપાસ દરમ્યાન એ વાતના પણ પુરાવા મળ્યા હતા કે કોંગ્રેસના જ કેટલાક નેતાઓએ અમેરિકાથી તો કેટલાક બીજા કોંગ્રેસી નેતાઓએ સોવિયેત સંઘ પાસેથી પૈસા લીધા હતા. આ રિપોર્ટ પાછળથી અમેરિકી અખબાર 'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ'માં છપાયો હતો. આ રિપોર્ટ અનુસાર માત્ર એક રાજકીય પક્ષને છોડીને લગભગ તમામ પ્રમુખ દળોએ વિદેશી ફંડ સ્વીકાર કર્યું હતું. ગુપ્તચર વિભાગના ઉપરોક્ત રિપોર્ટ અનુસાર અમેરિકી ગુપ્તચર એજન્સી અને કમ્યુનિસ્ટ દૂતાવાસોએ રાજકીય પક્ષોને ઘણા પૈસા આપ્યા. એ દિવસોમાં વિશ્વના બે જૂથો વચ્ચે શીતયુદ્ધ ચાલુ હતું. કમ્યુનિસ્ટ અને બિનકમ્યુનિસ્ટ દેશોએ ભારતમાં પોતપોતાના ખાસ સમર્થકો ઊભા કર્યા હતા. એ કોઈથી છૂપું ન રહ્યું કે એ દોરમાં એક જૂથનું નેતૃત્વ અમેરિકા અને બીજાનું નેતૃત્વ સોવિયેત સંઘ કરી રહ્યું હતું. ન્યૂયોર્ક ટાઈમ્સના આ સનસનીખેજ રિપોર્ટ પર ૧૯૬૭ની શરૂઆતમાં લોકસભામાં ભારે ચર્ચા થઈ. તેના પરિણામ તમામ ભારતીય અખબારોમાં પણ આ સમાચારને બાદમાં ઘણું કવરેજ મળ્યું. જે સમાચાર ન્યૂયોર્ક ટાઈમ્સે છાપ્યા હતા, તે ભારતીય મીડિયા કેમ ન શોધી શક્યું? શું ત્યારે પણ 'ગોદી મીડિયા' હતું? આ સમયે એક વર્ગ ગોદી મીડિયાનો આરોપ ભારતીય મીડિયાને લઈને લગાવી રહ્યો છે. એ દિવસોમાં એવા પણ સમાચાર આવ્યા હતા કે આ દેશના જ એક મોટા ઉદ્યોગપતિએ લગભગ પાંચ ડઝન સાંસદોને પોતાના 'પગાર' પર રાખ્યા હતા.

સંસદમાં સ્વતંત્ર પાર્ટીના એક સદસ્યએ ગૃહમંત્રી ચવ્હાણને પછ્યું કે શું તેઓ ગુપ્તચર વિભાગના રિપોર્ટને પ્રકાશિત કરવાનું બીડું ઉઠાવશે, જેથી રાજકીય પક્ષોને જનતા વચ્ચે સફાઈ રજૂ કરવાનો મોકો મળી શકે? રિપોર્ટના પ્રકાશનનો ઈનકાર કરતાં ચવ્હાણે એ ચોક્કસ કહ્યું હતું કે કેન્દ્ર સરકાર ચૂંટણી પંચની મદદથી સંતાનમ સમિતિના એ સૂચન પર વિચાર કરી રહી છે, જેમાં વિભિન્ન રાજકીય પક્ષોને હરસંભવ સ્રોતોથી પ્રાપ્ત થનારી ધનરાશિની તપાસની વાત કહેવામાં આવી છે. આ દેશનું દુર્ભાગ્ય જ રહ્યું કે જનતા આજે પણ સંતાનમ સમિતિના રિપોર્ટને લાગુ કરવાની આશા લગાવીને બેઠો છે.

સમય સાથે રાજનીતિમાં કાળા નાણાંના ઉપયોગના સમાચારો બેહદ સામાન્ય થતા ગયા. કેટલાય મામલે તો સ્થિતિ એ થઈ ગઈ કે ચૂંટણીમાં બાહુબળથી વધુ પ્રભાવી ભૂમિકા ધનબળની થતી જાય છે. કેટલાક સમય પહેલાં વિધાનસભા ચૂંટણીમાં એક ઉમેદવારોને બે હજાર રૂપિયાની નોટો મતદારો વચ્ચે વહેંચતાં ટીવી ચેનલો પર બતાવવામાં આવ્યો હતો. હવે તો આ દેશના નાના-નાના પક્ષોને નેતા પણ ચાર્ટર્ડ પ્લેનમાં ફરી રહ્યા છે. ચૂંટણીમાં કાળા નાણાંની વધતી અસરથી રાજનીતિની શુચિતા પ્રભાવિત થઈ રહી છે. પરિણામે રાજકીય કાર્યપાલિકા પણ દૂષિત થઈ રહી છે. પ્રશાસનિક કાર્યપાલિકા વિશે તો શું કહેવું? વિશેષજ્ઞો કહે છે કે એક સ્તર પર ભ્રષ્ટાચાર વિકાસની ગતિને અપેક્ષિત રૂપે આગળ નથી વધવા દેતો. ગુણાત્મક અને ટકાઉ માળખા નિર્માણની કોઈ ગેરંટી નથી. ચૂંટણી ફંડ ભ્રષ્ટાચારનો એક મોટો સ્રોત બનેલું છે. એને જ જોતાં ચૂંટણી ફંડમાં પારદર્શિતા લાવવા માટે ચૂંટણી બોન્ડની વ્યવસ્થા કરવામાં આવી હતી, પરંતુ સારી દાનતવાળી આ યોજના રાજકીય ઈચ્છાશક્તિના અભાવે અપેક્ષિત પરિણામ ન આપતાં ખુદ વિવાદોમાં ઘેરાઈ ગઈ.

### ૨૭ માર્ચ : વિશ્વ રંગભૂમિ દિવસ

# સોમનાથમાં નાટકનો પડદો પડયો ઈ પડયો કે જે કયારેય ન ઉંચકાયો કે ઉંચકાશે !

**એક સરખા દિવસ કોઈના સુખમાં જાતા નથી, નાટકના એ ગીતો ઉપર જયાં તાળીઓનો ધોધમાર વરસાદ પડતો, વન્સમોરો અપાતા, કોને ખબર ગીતની એ જ પંકતી રંગભૂમિ માટે પણ સાચી પડશે, અને પડી પણ.**

(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ પાટણ, તા.૨૭

યુનેસ્કોએ ૧૯૪૮માં ઈન્ટરનેશનલ થીયેટર ઈન્સ્ટીટયુટની સ્થાપના કરી અને તેના નવમાં પ્રમુખ આર્વા કિવીમાએ ૨૭ માર્ચ સમગ્ર વિશ્વ રંગભૂમિ દિવસે ઉજવે એમ નકકી કરાયું. સને ૧૯૬૨થી આ દિવસ ઉજવાતો થયો. સોમનાથ મહાદેવની પાવનકારી ભૂમિ પ્રભાસ પાટણમાં રંગભૂમિનો એક યુગમાં જોરદાર દબદબો હતો. વેરાવળ વિદ્યુતનગરમાં રહેતા દિનેશ વૈદ્ય કહે છે પ્રભાસ પાટણમાં શંકર વિજય સંગીત સમાજ નામની નાટય સંસ્થા હતી. જેનાં પ્રણેતા લાભશંકરભાઈ મહેતા હતા. જેના સંચાલનથી ભજવાયેલ નાટકોમાં બસુરી વીણા, સંસાર ચિત્ર, વિનાશનાં વહેણ મુખ્ય હતાં. આ નાટકોમાં ભગુભાઈ વૈદ્યે પણ ભાગ લીધેલ જેમાં સંસાર ચિત્ર નાટકમાં કથા મુજબ તેનો એકનો એક દિકરો મૃત્યું પામે છે ત્યારે તેના શબને હાથમાં લઈ કરૂણ ભાવવાહી સ્વરે ગીત ગાય છે કે 'આ સંસાર છે, સ્વાર્થ ભરેલો, દગા ભરેલો, દગા ભરી દુનિયા' આ ગીતમાં તેનો કરૂણ અભિનય અને પ્રસંગ જોઈ નાટયગૃહમાં ઉપસ્થિત દર્શકો દડ દડ આંસુ વહેવા લાગતા હતાં. પ્રભાસમાં તે સમયનાં નાટકોમાં સ્ટેજ ઉપર ત્રણથી ચાર પડદાઓ રહેતા જે કાપડના પડદાઓ ઉપર શહેરની બિલ્ડીંગો, જંગલ-બગીચા, મંદિર, તળાવ, આશ્રમના દોરાયેલા ચિત્રો રહેતા હતાં. આ પડદાને લાકડના બંબુઓમાં વીટાળી તેને વીંગ પાસેની દોરીથી ખેંચતા કે પાડતા હતાં. સ્ટેજની બંને બજુ વછીંગ પણ આકર્ષક ચિત્રોથી ગોઠવાયેલી રહેતી. એ વીંગ પાસે પ્રોમ્પટર નાટકની સ્કીપ્ટ લઈને બેસતો અને કોઈ કલાકાર તેનો સંવાદ ભુલી જાય તો ધીમા અવાજે તને યાદ આપતો. નાટકનાં પ્રેક્ષક સાઈડની પ્રથમ હરોળમાં હારમોનીયમ, તબલા અને સીતાર જેવા વાદ્યો સાથે સંગીત વાદકો બેસતા. લાભશંકરભાઈ મહેતા પગેથી ધમી શકાય તેવું હારમોનીયમ વગાડતા. નાટકનો પ્રારંભ શંકર અને સરસ્વતીની સ્તુતિતી થતો. નાટકના પ્રારંભ પહેલાં લોખંડની અડીમાં પોટાસ ભરી તેનો ધડાકો કરાતો અને થોડીવારે ઘંટડી વાગાડાતી અને ત્રીજી ઘંટડીએ નાટક ચાલુ થતું. નાટકનાં ગીતો અર્થસભર-સંદેશો આપતા અને હાસ્ય ઉપજાવતાં બનતાં જેમ કે, જીંદગી છે માડી, હાય મળી ન નારી પામ્યો વાંઢાનો અવતાર, જુવે છે, વાટ ઘરે કાકા ભણેકી કાકી એને નવ મારશો, ઝટ જાવો ચંદન હાર લાવો, ઘુંઘટ નહીં ખોલુ રે, પ્રણયનાં શુધ્ધ પ્રેમીને નિગમના જ્ઞાન ઓછા છે. તે સમયમાં નાટકમાં સ્ત્રીનાં પાત્રો પુરૂષો જ ભજવતા અને આવા એક નાટકમાં એક પુરૂષે સ્ત્રીનું પાત્ર લીધેલ અને તે દિવસે તે નાટકમાં તેના પત્ની સહીત પરીવાર પણ જોવા આવેલ. જેવું એ ભાઈનું સ્ત્રી પાત્ર તરીકે સ્ટેજ ઉપર આગમન થયું કે દર્શકો સાથે બેસેલી તેની પત્ની ત્રાડ પાડી ઉઠી કે, ફટ છે મુવા, પુરૂષ થઈને સ્ત્રી બન્યો, જરાયે શરમ પણ ન આવી. તે સમયમાં લાઉડ સ્પીકરો ન હતા જેથી નાટકનાં તમામ પાત્રોએ બુલંદ-પડછંદ અવાજથી સંવાદો બોલવા પડતા. નાટકનાં આગળ બેસવાનાં કલાસની ઉંચી ટીકીટ રહેતી. જયારે સામાન્ય પ્રજાની ટીકીટ ઓછી રકમની રહેતી પણ એ કલાસ છેલ્લે રહેતો. પ્રભાસમાં નાટક કંપનીઓ પણ આવતી અને તેના કલાકારો સવારે બજારમાં શાક લેવા કે વાળ-દાઢી કરાવવા નીકળે ત્યારે દૂરથી આંગળી દર્શાવીને કે તેની આસપાસ કુંડાળું થઈ નિરખી ધન્ય બનતાં આજે જેમ અમિતાભ બચ્ચન કે ઋતીક રોશનની જેમ.

## માંગરોળમાં મેરવાણા પરિવાર દ્વારા થયેલ ચક્ષુદાન

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૭

જુનાગઢ જિલ્લાના માંગરોળમાં તા.૨૪/૦૩/૨૦૨૪ ને રવિવાર,ફાગણ સુદ પુનમના રોજ સ્વ.પદ્માબેન દ્વારકાદાસ મેરવાણા, ઉ.વ.૭૦ (રહે.સિરાજ રોડ,પાણીની ટાંકી પાસે) નું દુ:ખદ અવસાન થયેલ છે, જેઓ ચેતનભાઈ જગદિશભાઈ કગરાણાના નજીકના સગા થાય છે. આ દુ:ખદ સમયે તેમના પરિવાર દ્વારા સ્વ.પદમાબેન ના ચક્ષુનું દાન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આથી પંકજભાઈ રાજપરા દ્વારા શિવમ ચક્ષુદાન આરેણાના સંચાલકશ્રીને જાણ કરતા, લોએજ ગામના રાજેશભાઈ સોલંકીએ મૃતકના બન્ને ચક્ષુ લઈ ડૉ.થાનકી સાહેબની મુનિ સંત બાલાજી આઈ બેંક અને હોસ્પિટલ વેરાવળ,જિ.ગીર સોમનાથને પરેશભાઈ ઘેરવડા દ્વારા પહોંચાડવામાં આવ્યાં હતાં. આજના આ ચક્ષુદાનનો સ્વિકાર સચિનભાઈ જોટવા દ્વારા કરવામાં આવ્યો હતો.આ ચક્ષુદાન સમયે તેમના નજીકના સગા સબંધી અને માંગરોળના પત્રકારશ્રી નિલેશભાઈ રાજપરા પ્રેરક ઉઉપસ્થતી રહી હતી મેરવાણા પરિવારના ચક્ષુદાનના આ વિચારને શિવમ્ ચક્ષુદાન-આરેણા બિરદાવે છે અને સ્વ.પ્રભાબેનને શ્રધ્ધાંજલી અર્પે છે. આ પરિવાર દ્વારા થયેલ આ ચક્ષુદાને આપણા પૂરાણોમાં થયેલા દાન ધર્મના મહિમાને ખરા અર્થમાં સાર્થક કર્યો છે.

મેરવાણા પરિવાર દ્વારા થયેલ આ મહાદાનને શિવમ્ ચક્ષુદાન ગૃપ-આરેણા,માંગરોળ જાયન્ટ્સ ગૃપ,વંદેમાતરમ્ ગૃપ-માંગરોળ,સ્વ.લક્ષ્મણભાઈ એ.નંદાણિયા વિવિધલક્ષી સેવાકીય ટ્રસ્ટ-માંગરોળ, સંજીવની નેચર ફાઉન્ડેશન-માંગરોળ,શ્રી દુગરગુરુ સ્થાનક વાસી જૈન યુવક મંડળ જુનાગઢ,ગીરનારી બ્લડ ગૃપ-જુનાગઢ,ભારત વિકાસ પરિષદ,માંગરોળ તાલુકાના પત્રકારમિત્રો,માંગરોળ ડોક્ટર એસોસિએશન, હ્યુમન રાઈટ્સ એસોસિએશન માંગરોળ તેમજ પ્રભાતફેરી ધૂન મંડળ દ્વારા બિરદાવવામાં આવે છે.અને આપના પરિવાર પર આવી પડેલ મુશ્કેલીને સહન કરવાની શક્તિ પ્રભુ આપને આપે તેવી પ્રાર્થના કરીએ છીએ. મિત્રો આ તકે આપને જણાવી એ છીએ કે આપણા વિસ્તાર મા કોર્નિયા થી અંધ લોકો આપના ધ્યાનમાં હોય તો એમના ઓપરેશન પહેલા ની તપાસ કરી ને ઓપરેશન માટે ફીટ હોવી જોઈએ. મતલબ આ આંખ ના કોર્નિયાનું પ્રત્યારોપણ



ત્યારે જ શક્ય બને છે કે એમના સ્નાયુ બિલકુલ સ્વસ્થ હોય, પડદો આંખનો ડેમેજ ન થયો હોય, આંખનું પ્રેશર નોર્મલ હોવું જરૂરી છે સાથે સાથે બી.પી., ડાયાબિટીસ વગેરે પણ જોવાતું હોય છે. આમ જે લોકો ને કોર્નિયા થી અંધ વ્યક્તિ હોય એમને ભારત કોર્નિયા અંધત્વ મુક્ત અભિયાન અંતર્ગત નેત્ર પ્રત્યારોપણ શક્ય હોય છે.આવી વ્યક્તિ ની જાણ કરવા વિનંતી છે જેથી એમને આપણે દ્રિષ્ટ ફરી થી અપાવી શકીએ છીએ.

## ખંભાળિયામાં ચૂંટણીને અનુલક્ષીને સીઆરપીએફના જવાનોની ફ્લેગ માર્ચ



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૭

આગામી સમયમાં યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે શનિવારે સાંજે સી.આર.પીએફ.ના જવાનોની ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત અહીંના પોસ્ટ ઓફિસ રોડ, નગર ગેઈટ, ચાર રસ્તા સહિતના જુદા જુદા માર્ગો પર સી.આર.પી.એફ.ના જવાનો સાથે સ્થાનિક પોલીસ સ્ટાફએ જોડાઈને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું.

## "બાળ રોઝેદાર"- ફાતિમાં પઠાણ એ ૭ વર્ષની ઉંમરે પ્રથમ રોઝો રાખી બંદગી કરી



જુનાગઢ તા. ૨૭

પવિત્ર રમઝાન મહિનાની સમગ્ર વિશ્વમાં ઉજવણી થઈ રહી છે. જુનાગઢ મધુર સોશ્યલ ગ્રુપના પ્રમુખ સલીમભાઈ ગુજરાતી અને સબિહાબેનની નવાસી ફાતિમાંએ આજે માત્ર સાત વર્ષની ઉંમરે પ્રથમ રોઝો રાખી પાક પરવરદિગારની બંદગી કરી, વિશ્વ કલ્યાણ, વતનની તરક્કી અને માનવ માનવ વચ્ચે એકતા રહે તેવી પ્રાર્થના કરી હતી. પપ્પા સલમાનખાન, મમ્મી સગુફતાબેન, દાદા ઈઝાઝખાન, દાદી સાહિસ્તાબેન, અને પરિવારજનોએ ફાતિમાને આ પ્રસંગે દુઆઓ, આશીર્વાદ આપી વિશ્વ શાંતિ અને માનવ માત્ર નું કલ્યાણની દુઆ કરી હતી.

## માંગરોળ પોલીસ દ્વારા તહેવારોને અનુલક્ષી રાસન કીટનું વિતરણ કરાયું

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૭

માંગરોળ સહિત ઢેલાણા સકરાણા, રૂદલપુર સુલતાનપુર, હુસેનાબાદ, સેપા,ગોરેજ, સહિતના ગામોમાં પણ રાસન કિટોનું વિતરણ કરવામાં આવ્યું

માંગરોળ પોલીસ સ્ટેશનના પીએસઆઈ આઈ,એસ,ડામોર સાહેબની સૂચનાથી માંગરોળ પોલીસ સ્ટેશનની સી- ટીમ ઈન્ચાર્જ હેડ કોન્સ્ટેબલ સમીનાબેન બેલીમ તથા હંસાબેન પરીયા દ્વારા દાદા -દાદી દોસ્ત પ્રોજેક્ટ અંતર્ગત એકલા રહેતા દાદા દાદીને પવિત્ર રમજાન માસના તહેવાર તેમજ હોળીના







તહેવાર સબબ તેમના ઘરે જઈ તમામની મુલાકાત કરેલ તથા તેમના ખબર અંતર પૂછેલ તહેવારમાં તેમને એકલવાયું ન લાગે તે માટે સાંત્વના આપેલ અને તેઓને જીવન જરૂરી રાસન કીટનું વિતરણ કરેલ છે.આ પહેલા પણ અગાઉ શિયાળામાં તમામ દાદા દાદીને ગરમ ધાબડાનું વિતરણ કરેલ હતું કીટ નુ વિતરણ કરેલ છે અને બધા તહેવારમાં તહેવાર નિમિત્તે મીઠાઈઓ આપી અને તેમની મુલાકાત કરે છે જેવો તહેવાર દિવાળીમાં રંગોળી કરી હતી મકરસંક્રાંતિ માં ચીકી નુ વિતરણ કરેલું હતું

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઈશ્વરકૃપાથી જે મળે તેમાં આનંદ પામનાર માટે અહિં જ સ્વર્ગ છે.

- સુભાષિત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૩, મુ. રમજાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ફાગણ વદ-૨ સંત તુકારામ બીજ તા.૨૭ માર્ચ ૨૦૨૪, બુધવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૧૬, ચિત્રા નક્ષત્ર, વ્યાઘાત યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૫૦, સૂ.અ.૭:૦૪

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાદ-વિવાદમાં ન ઉતરવું.
વૃષભ:વિશેષ કાર્યબોજને કારણે માનસિક અસ્વસ્થતા રહે. પ્રવાસમાં લાભ.
મિથુન:વ્યવસાયના કારણે વ્યર્થ દોડા-દોડી થાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કર્ક: મનની મુરાદ બર ન આવે. મહત્વના કાર્યમાં વિઘ્ન આવે.
સિંહ: પ્રિયજન સાથે મુલાકાતમાં સફળતા મળે. કઠિન કાર્યો સરળ બને.
કન્યા: દરેક પ્રકારના કાર્યમાં સફળતા મળે. સ્વજનથી મુલાકાત થાય.
તુલા: વ્યર્થ ચિંતા રહે. મહત્વના કાર્યમાં પ્રતિકૂળતા આવે.
વૃશ્ચિક:આર્થિક ચિંતા રહે. માનસિક અસ્વસ્થતા રહે. કાર્યભાર વધે.
ધન: પડવા-વાગવાથી સંભાળવું. અપયશના ભોગ બનવાનો પ્રસંગ જણાય.
મકર: સંતાનથી લાભ મળે. તમારા પ્રયત્નો ફળતા જણાય.
કુંભ: ધીરજની કસોટી થાય. મનમાં અશાંતિ રહે.
મીન: મહત્વના કાર્યમાં વિઘ્ન આવે. કાર્યબોજ વિશેષ રહે.

### લોકસભા બેઠક પર કોંગ્રેસનો પેંચ ફસાયેલો છે

# સૌરાષ્ટ્રની ત્રણ બેઠકો પર કોંગ્રેસમાં મંથન યથાવત

**સૌરાષ્ટ્ર અને કચ્છની કુલ ૮ બેઠકો પૈકી પાંચ બેઠકોના નામ કોંગ્રેસ અને તેના ગઠબંધન દ્વારા જાહેર કરવામાં આવ્યા છે.જો કે હજુ પણ ત્રણ બેઠકો પર કોંગ્રેસ દ્વારા મંથન ચાલી રહ્યું છે**

રાજકોટ, તા.૨૭

સૌરાષ્ટ્ર અને કચ્છની કુલ ૮ બેઠકો પૈકી પાંચ બેઠકોના નામ કોંગ્રેસ અને તેના ગઠબંધન દ્વારા જાહેર કરવામાં આવ્યા છે.જો કે હજુ પણ ત્રણ બેઠકો પર કોંગ્રેસ દ્વારા મંથન ચાલી રહ્યું છે.આ ત્રણ બેઠકોમાં જુનાગઢ, સુરેન્દ્રનગર અને રાજકોટ લોકસભા બેઠકનો સમાવેશ થાય છે. આ ત્રણેય બેઠકો પર કોંગ્રેસ દ્વારા જાતિગત રણનિતી ઘડાઈ રહી છે. ત્રણેય બેઠક પર ભાજપે તેના ઉમેદવાર જાહેર કરી દીધા છે ત્યારે તેને ટક્કર આપી શકે તેવા ઉમેદવારને ટિકિટ આપવાની રણનિતી ઘડી રહ્યું છે. રાજકોટ, સુરેન્દ્રનગર અને જુનાગઢ લોકસભા બેઠક પર કોંગ્રેસ મુરતીયાઓ પર મંથન કરી રહ્યા છે. રાજકોટ બેઠક ભાજપનો ગઢ માનવામાં આવે છે અને આ વખતે આ બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રુપાલા મેદાને છે ત્યારે તેની સામે કોંગ્રેસે પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણીને મેદાને ઉતારવાની રણનિતી બનાવી હતી પરંતુ પરેશ ધાનાણીએ લડવાની ના પાડતા હવે રાજકોટમાં ઉમેદવારને લઈને પેંચ ગુચવાયેલો છે.

આ બેઠક પર કોંગ્રેસ કડવા પાટીદાર નેતા સામે લેઉવા અથવા ઓબીસીનો દાવ રમવાની રણનિતી ઘડી રહ્યું છે ત્યારે આ બેઠક પર હાલના સંજોગોમાં હિતેષ વોરા અથવા તો કોળી સમાજના કોઈ આગેવાનનું નામ ચર્ચામાં છે.આ ઉપરાંત ડૉ.હેમાંગ વસાવડા અને ઈન્દ્રનીલ રાજ્યગુરૂના નામ પણ ચર્ચાઈ રહ્યા છે. આ સીટ પર કોંગ્રેસના એક જુથ દ્વારા વિક્રમ સોરાણીનું નામ ઓબીસી નેતા તરીકે મૂકવામાં આવ્યું હતું પરંતુ આ કોંગ્રેસના નેતાઓ દ્વારા તેનો વિરોધ કરીને આ સીટ પર સ્થાનિક અને મૂળ કોંગ્રેસી નેતાને ટિકિટ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

વાત જુનાગઢ બેઠકની કરીએ તો આ બેઠક પણ કોળી સમાજના પ્રભુત્વવાળી બેઠક છે. ભાજપે આ સીટ પર રાજેશ ચુડાસમાને રિપીટ કર્યા છે. જેની સામે કોંગ્રેસ પ્રદેશ ઉપાધ્યાક્ષ અને આહિર સમાજના અગ્રણી હિરા જોટવાને મેદાને ઉતારી શકે છે. એક શક્યતા એવી પણ વર્તાઈ રહી છે કે ભાજપના કોળી ઉમેદવારની સામે કોળી સમાજને મેદાને ઉતારવા માટે ધારાસભ્ય વિમલ ચુડાસમાના અંગત વ્યક્તિને પણ ટિકીટ ફાળવી શકાય છે જો કે હાલના સંજોગોમાં હિરા જોટવાનું નામ સૌથી આગળ ચાલી રહ્યું છે.

રાજકોટ લોકસભા બેઠક પર કોંગ્રેસનો પેંચ ફસાયેલો છે. નામને લઈને કોંગ્રેસમાં જુથવાદ ચરમસીમા પર જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના ઈન્દ્રનીલ રાજ્યગુરૂએ વિક્રમ સોરાણીનું નામ મૂક્યું હતું. જેની સામે મહેશ રાજપૂત, હેમાંગ વસાવડા સહિતના નેતાઓએ નારાજગી દર્શાવી હતી. આ સીટ પર લેઉવા પાટીદાર સમાજમાંથી પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હિતેશ વોરાનું નામ પણ ચર્ચામાં છે. જો કે જેની સામે એક જુથને વાંધો છે. ટૂંકમાં રાજકોટ લોકસભા બેઠક માટે સર્વસંમતિ સધાતી ન હતી. જેના કારણે જ ગત રવિવારે શક્તિસિંહ ગોહિલે રાજકોટના તમામ નેતાઓ સાથે બેઠક કરી હતી અને ચીમકી આપી હતી કે પાર્ટીમાં રજૂઆત કરી શકાશે પરંતુ જો શિસ્ત ભંગ કર્યો તો ગમે તેવા મોટા નેતા હશે તેમને કાઢી મુકવામાં આવશે. ત્યારે હવે સર્વ સંમતિ સાધવા માટે કોંગ્રેસ પ્રયત્ન કરી રહ્યું છે. ત્યારે ક્યારે આ નામ જાહેર થશે તેના પર સૌની નજર ટકેલી છે.

# ભાજપ સરકારના ઉચ્ચ દાવાઓ છતાં ભારતીયો દ્વારા નાગરિકત્વનો ત્યાગ કરવાનું ભયજનક વલણ દેશમાં વિકાસની તકોનો અભાવ દર્શાવે છે

## છેલ્લા એક દાયકામાં ભારતીય નાગરિકત્વ છોડીને વિદેશી નાગરિકત્વ મેળવનારા ૧૫ લાખથી વધુ લોકોની સંખ્યા સૂચવે છે કે દેશમાં વિકાસ માટે પૂરતા પ્રમાણમાં તકો ઉપલબ્ધ નથી, જે સત્તાવાર પ્રચારિત એવી માન્યતાને રદિયો આપે છે કે ભારતીય અર્થતંત્ર ૨૦૧૪થી કૂદકેને ભૂસકે વૃદ્ધિ પામ્યું છે

નવી દિલ્હી, તા.૨૭

ભારતમાં તમામ સમુદાયોના લોકો તેમના પાસપોર્ટ સરેન્ડર કરવાનું પસંદ કરે છે અને આખરે તેમની નાગરિકતાનો ત્યાગ કરે છે તેવા નવા વલણે સામાજિક અને રાજદ્વારી વર્તુળોમાં ચિંતા છે. કેન્દ્ર સરકારે સંસદમાં જણાવ્યું છે કે છેલ્લા એક દાયકામાં ૧૫ લાખથી વધુ ભારતીયોએ તેમની નાગરિકતા છોડી દીધી છે, જેમાં ૨૦૨૩માં લગભગ ૮૭,૦૦૦નો સમાવેશ થાય છે. મોટાભાગના ભારતીયો યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા જઈ રહ્યા છે. જો લોકો સારી સંભાવનાઓ માટે અને તેમની આવનારી પેઢીઓ માટે વધુ સારા ભવિષ્યની ખાતરી કરવા માટે વિદેશી નાગરિકતા પ્રાપ્ત કરી રહ્યા છે, તો આ સ્પષ્ટ સંકેત છે કે ભારતમાં વિકાસની તકો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી. તે ભારતીય જનતા પાર્ટી સરકારના એવા દાવાઓ ઉપર પણ પ્રશ્નાર્થ ચિહ્ન ઉભો કરે છે કે ભારતીય અર્થતંત્ર ૨૦૧૪થી કૂદકે ને ભૂસકે વૃદ્ધિ પામ્યું છે. વિદેશ મંત્રાલય (MEA)એ સંસદમાં એક પ્રશ્નના જવાબમાં દાવો કર્યો છે કે ઘણા ભારતીયો વૈશ્વિક કાર્યસ્થળની શોધ કરવા અને વ્યક્તિગત સુવિધાના કારણોસર વિદેશી નાગરિકતા લઈ રહ્યા છે. પરંતુ ડેટા દર્શાવે છે કે કરોડપતિઓ પણ દેશ છોડી રહ્યા છે. લંડન સ્થિત હેનલી એન્ડ પાર્ટનર્સ (H&P)ના અહેવાલ મુજબ, આ વર્ષે લગભગ ૬,૫૦૦ ઉચ્ચ નેટવર્થ વ્યક્તિઓ ભારતની બહાર જવાની અપેક્ષા છે. આ ચીન પછી વૈશ્વિક સ્તરે બીજા ક્રમનો સૌથી વધુ અંદાજિત નેટ આઉટફ્લો હશે.

ભારતમાં હાલમાં વિશ્વમાં સૌથી વધુ સ્થળાંતરિત વસ્તી છે. લગભગ ૧.૮ કરોડ લોકો તેમના વતન બહાર રહે છે. યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન (આઈઓએમ) દ્વારા તૈયાર કરાયેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, લગભગ ૧.૧ કરોડ લોકો સાથે મેક્સિકો ભારત પછી બીજા ક્રમે આવે છે, ત્યારબાદ રશિયા અને ચીન આવે છે. MEAએ અંદાજ લગાવ્યો છે કે ૨૦૨૧માં વિદેશમાં રહેતા ભારતીય નાગરિકોની સંખ્યા લગભગ ૧.૨ કરોડ હશે. જો કે, તમામ ભારતીય ઈમિગ્રન્ટ્સ તેમની નાગરિકતાનો ત્યાગ કરે તે જરૂરી નથી. આ પ્રક્રિયાની લાંબી અને જટિલ પ્રકૃતિ બધાને પોસાય તેમ પણ નથી. સરકાર દ્વારા આપવામાં આવેલ નવીનતમ ડેટા દર્શાવે છે કે ૨૦૧૧થી ૧૭.૫ લાખથી વધુ ભારતીયોએ અન્ય દેશની નાગરિકતા પ્રાપ્ત કરી છે. ૨૦૧૧માં આ સંખ્યા ૧.૨૨ લાખ હતી અને આગામી કેટલાક વર્ષોમાં તેમાં સાધારણ પ્રમાણસર વધારો જોવા મળ્યો હતો. ૨૦૧૯માં સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો, પરંતુ ૨૦૨૦માં કોવિડ-૧૯ રોગચાળો ફાટી નીકળવાના કારણે સ્થળાંતર ઉલટું જોવા મળ્યું હતું. ૨૦૨૦માં ૮૫,૨૫૬ની સરખામણીએ ૧.૬૩ લાખ લોકોએ તેમની ભારતીય નાગરિકતા છોડી દીધી હતી. ૨૦૨૨માં પ્રતિબંધો હળવા થયા અને મુસાફરી ફરી શરૂ થઈ, તે પછી રેકોર્ડ ૨.૨૫ લાખ ભારતીયો વિદેશી દેશોના નાગરિક બન્યા, જે એક દાયકા પહેલાની સંખ્યા કરતા બમણી હતી અને ૨૦૧૧ના આંકડા કરતા આશરે ૧.૮ ગણી વધારે હતી, એક દિવસમાં સરેરાશ ૩૩૬ લોકોએ તેમની ભારતીય નાગરિકતા છોડી દીધી હતી.

લોકસભામાં કોંગ્રેસના સાંસદ કાર્તિ પી. ચિદમ્બરમ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના લેખિત જવાબમાં MEA દ્વારા ડેટા રજૂ કરવામાં આવ્યો હતો. કેન્દ્રએ રાજ્યસભામાં અન્ય એક પ્રશ્નના જવાબમાં સ્પષ્ટતા કરી હતી કે MEA પાસે વિદેશી નાગરિકતા લેનારા વ્યક્તિઓની વ્યાવસાયિક પૃષ્ઠભૂમિ વિશે માહિતી નથી. વિદેશમાં સ્થાયી થયેલા ભારતીયો દ્વારા પસંદ કરાયેલા ૧૧૪ દેશોમાં યુ.એસ. સૌથી વધુ પસંદગીનું સ્થળ છે. ૨૦૧૮થી, ૩.૨ લાખથી વધુ ભારતીયોએ યુ.એસ.માં સ્થાયી થવા માટે તેમની ભારતીય નાગરિકતા છોડી દીધી છે, તે પછી કેનેડા (૧.૬ લાખ), ઓસ્ટ્રેલિયા (૧.૩ લાખ) અને યુનાઈટેડ કિંગડમ (૮૩,૬૪૮) છે. વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા ભારતીય વિદ્યાર્થીઓ માટે પણ યુ.એસ. સૌથી પસંદગીનું સ્થળ છે. યુએસ ઉચ્ચ શિક્ષણમાં નોંધાયેલા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની બીજી સૌથી મોટી સંખ્યામાં ભારતનો સ્ત્રોત છે અને તેના નાગરિકો ઉચ્ચ કૌશલ્ય ધરાવતા કામદારો માટે મોટા ભાગના એમ્પ્લોયર દ્વારા પ્રાયોજિત H-1B અસ્થાયી વિઝા મેળવે છે. ૨૦૨૨માં ઉચ્ચ અભ્યાસ માટે દેશ છોડનારા ૭.૫ લાખ વિદ્યાર્થીઓમાંથી ૧.૯ લાખથી વધુ યુ.એસ. ગયા હતા જ્યારે ૧.૮ લાખ કેનેડામાં ગયા હતા. આ વિદ્યાર્થીઓ પછી સારી આર્થિક તકો અથવા જીવનશૈલીની શોધમાં કાયમી રહેઠાણ માટે અરજી કરવા માટે ગંતવ્ય દેશમાં રહેવાનું પસંદ કરી શકે છે. શા માટે ભારતીયો તેમની નાગરિકતા છોડી રહ્યા છે તે પ્રશ્નનો સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓએ અભિપ્રાય આપ્યો છે કે લોકો તેમના જન્મના દેશમાંથી વિવિધ કારણોસર સ્થળાંતર કરે છે, જેમાં વ્યક્તિના નિર્ણયને આકાર આપતા આર્થિક, રાજકીય, પર્યાવરણીય અને સામાજિક પરિબળો છે. કેટલાક અભ્યાસ કરવા, કામની શોધમાં, વધુ સારી આર્થિક તકો અને મૈત્રીપૂર્ણ કરવેરાની શોધમાં જાય છે, જ્યારે અન્ય સંઘર્ષ, સતાવણી, આતંકવાદ અથવા પર્યાવરણીય પડકારોથી બચવા માગે છે. ભાજપ સરકારનું કહેવું છે કે ઘણા ભારતીયો વૈશ્વિક કાર્યસ્થળની શોધખોળ કરવા અને વ્યક્તિગત સગવડના કારણોસર વિદેશી નાગરિકતા પસંદ કરે છે. એક ભારતીય અન્ય દેશની નાગરિકતા લેતા પહેલા તેમની ભારતીય નાગરિકતાનો ત્યાગ કરવા માટે કાયદા દ્વારા બંધાયેલો છે કારણ કે ત્યાં બેવડી નાગરિકતા માટેની કોઈ જોગવાઈ નથી. ભારતીય નાગરિકતા છોડનારા લોકો ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા (OCI) સભ્યપદ માટે અરજી કરી શકે છે જે ભારતમાં વિઝા-મુક્ત મુસાફરી, રહેઠાણના અધિકારો અને વ્યવસાય અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સહભાગિતાની સુવિધા આપે છે.

ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર ૨૦૨૦માં, કુલ ૧.૯ લાખ લોકોએ OCI કાર્ડધારકો તરીકે નોંધણી કરાવી હતી. ૨૦૦૫માં આ આંકડો ૩૦૦ જેટલો ઓછો હતો. નવીનતમ હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સમાં ભારત ૮૦માં ક્રમે છે, જે ધારકો અગાઉના વિઝા વિના એક્સેસ કરી શકે તેવા સ્થળોની સંખ્યા અનુસાર વિશ્વના પાસપોર્ટનું રેન્કિંગ છે. ભારતીય પાસપોર્ટ ધારક લગભગ ૬૦ દેશોમાં વિઝા-ફ્રી એન્ટ્રી અને વિઝા-ઓન-અરાઈવલ સુવિધા ધરાવે છે. તેનાથી વિપરીત, સિંગાપોર, વિશ્વના સૌથી શક્તિશાળી પાસપોર્ટ સાથે, તેના નાગરિકોને વિઝા વિના વિશ્વભરના ૨૨૭માંથી ૧૯૩ પ્રવાસ સ્થળોની મુલાકાત લેવાની મંજૂરી આપે છે. જ્યારે યુએસ નાગરિક પાસે ૧૮૫ દેશોમાં વિઝા-મુક્ત પ્રવેશ છે, જ્યારે કેનેડિયન નાગરિક ૧૮૬ દેશોમાં પ્રવાસ કરી શકે છે. ઓસ્ટ્રેલિયા અને યુનાઈટેડ કિંગડમ અનુક્રમે ૧૮૬ અને ૧૮૯ દેશોમાં વિઝા-મુક્ત પ્રવેશની મંજૂરી આપે છે. હેનલી પ્રાઈવેટ વેલ્થ માઈગ્રેશન રિપોર્ટ ૨૦૨૩ આગાહી કરે છે કે આ વર્ષે લગભગ ૬,૫૦૦ વધુ અતિ સમૃદ્ધ ભારતીયો દેશ છોડી દેશે. દુબઈ અને સિંગાપોર આવા ભારતીય પરિવારો માટે પસંદગીના સ્થળો છે, જ્યારે ઓસ્ટ્રેલિયા વૈશ્વિક પ્રભુત્વ ધરાવે છે. ભારત સરકાર સ્થળાંતર કરનારાઓને લઈને આશાવાદી છે. લોકસભામાં આપેલા તેના જવાબમાં, MEAએ ડાયસ્પોરાને રાષ્ટ્રની સંપત્તિ તરીકે ગણાવ્યું હતું અને ખાતરી આપી હતી કે 'મેક ઈન ઈન્ડિયા' કેન્દ્રિત પહેલોની શ્રેણી ઘરઆંગણે તેમની પ્રતિભાનો ઉપયોગ કરવા માટે હાથ ધરવામાં આવી છે. MEAએ જણાવ્યું કે સરકારનો અભિગમ અ ડાયસ્પોરા નેટવર્કને ટેપ કરવાનો અને રાષ્ટ્રીય લાભ માટે તેની પ્રતિષ્ઠાનો ઉપયોગ કરવાનો છે. વિદેશોમાં ભારતીય પ્રોફેશનલ્સની ખૂબ માંગ છે. તેમાં ડોકટરો, નર્સો, સાયબર સિક્યોરિટી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સહિત આઈટી પ્રોફેશનલ્સ અને ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ, સિવિલ અને એરોનોટિકલ એન્જિનિયર્સ તેમજ વેલ્ડર, પ્લમ્બર, ઈલેક્ટ્રિશિયન, સુથાર અને તેના જેવા કામદારોનો સમાવેશ થાય છે. ખાસ કરીને યુરોપિયન યુનિયન (EU)ના કેટલાક દેશોમાં તાજેતરમાં મોસમી કૃષિ કામદારોની માંગ વધી છે. આ સૂચવે છે કે આ માંગ અર્ધ-કુશળ અને અકુશળ કામદારોની પણ છે. કુશળ કામદાર અદ્યતન કૌશલ્યો, ઓછી ઉંમર, વધુ આવક અને તેથી વધુ કર ચૂકવણીના સ્વરૂપમાં યજમાન દેશમાં યોગદાન આપે છે. તે બેરોજગારી લાભો અને અન્ય સબસિડી ઉપર બોજ ન બનીને તિજોરી માટે નાણાં બચાવે છે. આ બધું સાબિત કરે છે કે ભારતીય અર્થવ્યવસ્થાના પ્રભાવશાળી વિકાસનો સરકારનો દાવો પોકળ છે અને શિક્ષિત યુવાનો તક મળતાં જ અન્ય દેશોમાં સ્થળાંતર કરવા તૈયાર છે.

# IPLમાં મેચ કેન્સલ થાય તો પણ ટીમને મળે છે મોટી રકમ

## લીગ ટીમો અને BCCI તમામ ખેલાડીઓને વીમો આપે છે, આ સાથે મેચ અને સ્થળનો પણ વીમો લેવામાં આવે છે

નવી દિલ્હી, તા.૨૭

વિશ્વની સૌથી મોટી ક્રિકેટ લીગ ઈન્ડિયન પ્રીમિયમ લીગ શરૂ થઈ ગઈ છે. જોકે, તમે કરોડો ભારતીયોની આ ફેવરિટ લીગ વિશે ઘણું જાણતા હશો, પરંતુ આજે અમે તમને એક એવી હકીકત વિશે જણાવીશું જેના વિશે તમે ભાગ્યે જ જાણતા હશો. તમે આ ઘણી વખત જોયું હશે અને ઘણીવાર એવું બને છે કે, કોઈને કોઈ કારણસર કોઈ ખેલાડી ઈજાગ્રસ્ત થાય અથવા અન્ય કોઈ કારણે મેચ રદ થઈ જાય છે. આવી સ્થિતિમાં ટીમ અને ખેલાડીની કમાણીનું શું થશે? શું તેમને નુકસાન સહન કરવું પડે છે કે, તેની ભરપાઈ થાય છે? આજે અમે તમને આ વિશે સંપૂર્ણ માહિતી આપીશું. IPLની દરેક મેચ અને ખેલાડીનો વીમો લેવામાં આવે છે. IPL ફ્રેન્ચાઈઝીસ અને BCCI આ મેચો અને ખેલાડીઓ માટે વીમો પૂરો પાડે છે, જેથી કોઈપણ નુકસાનની ભરપાઈ કરી શકાય. ફ્રેન્ચાઈઝી અને BCCI પણ વીમાની આ રકમમાં સતત વધારો કરી રહ્યા છે. તેનું કારણ મેચ દરમ્યાન વધતું જોખમ છે. કેટલીક જગ્યાએ વરસાદને કારણે મેચો રદ થાય છે તો અન્ય જગ્યાએ ખેલાડીઓ ઈજાગ્રસ્ત થાય છે. આવી સ્થિતિમાં, આ વીમો કેવી રીતે કામ કરે છે? લીગ ટીમો અને BCCI તમામ ખેલાડીઓને વીમો આપે છે. આ સાથે મેચ અને સ્થળનો પણ વીમો લેવામાં આવે છે. તેનો હેતુ એ છે કે, જો કોઈ કારણસર મેચ ન થાય તો ફ્રેન્ચાઈઝીને કોઈ પૈસાનું નુકસાન ન થાય અને બીસીસીઆઈને સ્પોન્સર પાસેથી મળેલા પૈસાની ભરપાઈ પણ થઈ શકે. આ સિવાય જો કોઈ ખેલાડી ઈજાગ્રસ્ત થાય છે તો તેને ફીનો અમુક હિસ્સો પણ આપવામાં આવે છે. જેમ જેમ મેચમાં જોખમ વધી રહ્યું છે, ફ્રેન્ચાઈઝી ટીમો અને BCCI પણ તેમના વીમાની રકમમાં વધારો કરી રહ્યા છે. આ વીમાનો સૌથી મોટો




ફાયદો શું છે? MK ગ્લોબલ ફાઈનાન્શિયલ સર્વિસિસના સિનિયર રિસર્ચ એનાલિસ્ટ અવિનાશ સિંઘે જણાવ્યું હતું કે, જો કોઈ મેચ અથવા સ્થળ રદ થાય છે, તો તે ટીમને વીમાની રકમ ચૂકવવામાં આવે છે. આ વીમા કંપનીઓ દ્વારા ચૂકવવામાં આવે છે. ફ્રેન્ચાઈઝી ટીમ પંજાબ કિંગ્સના માલિક કેપીએચ ડ્રીમ ક્રિકેટના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર એલસી ગુપ્તાનું કહેવું છે કે, જો કોઈ ખેલાડી ઈજાગ્રસ્ત થઈને રમતમાંથી બહાર થઈ જાય તો પણ મેચના ૫૦ ટકા વીમાને કારણે તેને ચૂકવવામાં આવે છે. આ વીમો એવી રીતે પણ કામ કરે છે કે, જો કોઈ મેચ કેન્સલ થાય તો ફ્રેન્ચાઈઝીને કોઈ નુકસાન ન થાય. આવી સ્થિતિમાં, ટીમોને તેમના નુકસાનની ભરપાઈ કરવામાં આવે છે, જ્યારે ખેલાડીઓને તબીબી અને અકસ્માત વીમો આપવામાં આવે છે. ૨૦૨૧ સિઝનમાં, દિલ્હી કેપિટલ્સના ખેલાડી શ્રેયસ અય્યરને ઈજા થઈ હતી અને તેણે બાકીની મેચો ગુમાવવી પડી હતી. પરંતુ, વીમાના કારણે અય્યરને તેની સમગ્ર મેચ ફી રૂપિયા ૭ કરોડ આપવામાં આવી હતી. દેખીતી રીતે, જો વીમો ન હોત તો શ્રેયસે તેના પૈસા ગુમાવવા પડ્યા હોત.

# હોસ્પિટલોમાં આગની ઘટનાઓ અટકાવવા એડવાઈઝરી જારી

## રાજ્યોએ તેમના અધિકારક્ષેત્ર હેઠળની તમામ માન્યતા પ્રાપ્ત હોસ્પિટલોમાં તપાસ કરી વીજળી મીટરનું નિરીક્ષણ કરવું પડશે

નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) એ ઉનાળાની ઋતુમાં હોસ્પિટલોમાં આગની ઘટનાઓને રોકવા માટેના પગલાં અંગે તમામ રાજ્યોને એડવાઈઝરી જારી કરી છે. રાજ્યોએ તેમના અધિકારક્ષેત્ર હેઠળની તમામ માન્યતા પ્રાપ્ત હોસ્પિટલોમાં તપાસ કરવી પડશે અને હોસ્પિટલોમાં વીજળી મીટરનું વિશેષ નિરીક્ષણ કરવું પડશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્દેશ ઉપર આરોગ્ય મંત્રાલયે આ એડવાઈઝરી જારી કરી છે અને તમામ રાજ્યોને આ સલાહના આધારે જરૂરી પગલાં ભરવા માટે કહેવામાં આવ્યું છે. નેશનલ બિલ્ડીંગ કોડ ૨૦૧૬માં નિર્ધારિત ફાયર સેફ્ટી ધોરણોને લાગુ કરવા માટે હોસ્પિટલના માળખાકીય સુવિધાઓની નિયમિત સમીક્ષા થવી જોઈએ. ફાયર સેફ્ટી ઓડિટ ઉપર ખાસ ધ્યાન આપવું પડશે. આમાં યોગ્ય વેન્ટિલેશન સિસ્ટમ્સ, અગ્નિ પ્રતિરોધક દરવાજા અને કોરિડોર અને સીડીઓમાં ઈમરજન્સી લાઈટિંગની ખાતરી કરવાનો સમાવેશ થાય છે. ઉનાળાની ઋતુમાં તાપમાનમાં વધારો થતાં હોસ્પિટલોમાં આગ એક મોટો ખતરો બની જાય છે. હોસ્પિટલોમાં આગને રોકવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવ્યા છે કે કેમ તે તપાસવા માટે સંપૂર્ણ ફાયર સેફ્ટી ઓડિટ કરાવવું જરૂરી છે. ફાયર એલાર્મ, ફાયર સ્મોક ડિટેક્ટર, અગ્નિશામક, ફાયર હાઈડ્રેન્ટ્સ અને ફાયર લિફ્ટ્સ સહિતની અગ્નિશામક પ્રણાલીઓ સ્થાને અને સંપૂર્ણ રીતે કાર્યરત છે તેની ખાતરી કરવા માટે સ્થળ ઉપર નિરીક્ષણ કરો. એડવાઈઝરી જણાવે છે કે વીજળી લોડ ઓડિટ પણ કરવામાં આવશે. હોસ્પિટલોએ નિયમિત પાવર લોડ ઓડિટ કરાવવું જોઈએ, ખાસ કરીને નવા સાધનો ઉમેરતી વખતે અથવા ખાલી જગ્યાઓને ICUમાં રૂપાંતરિત કરતી વખતે. આગ નિવારણ માટેના નિયમોનું સંપૂર્ણ પાલન કરવું જોઈએ. ફાયર એનઓસીનો નિયમ જરૂરી છે, જો કોઈપણ હોસ્પિટલમાં ફાયર એનઓસી ન હોય તો રાજ્યોએ તેના અંગે કડક પગલાં ભરવા પડશે. હોસ્પિટલોએ અગ્નિશામક સાધનો, હાઈડ્રેન્ટ્સ અને એલાર્મ્સ જેવા અગ્નિશામક સાધનોનું નિયમિતપણે નિરીક્ષણ કરવું જોઈએ. આમાં અગ્નિશામક ઉપકરણો પર સમાપ્તિ તારીખો તપાસવી, હાઈડ્રેન્ટ્સ સુલભ છે અને પાણીનું પૂરતું દબાણ છે તેની ખાતરી કરવી, અને ફાયર એલાર્મ સમગ્ર સ્થાન ઉપર કાર્યરત અને સાંભળી શકાય તેવો સમાવેશ થાય છે. ઓક્સિજન ટાંકીઓ અથવા પાઈપવાળા ઓક્સિજનવાળા વિસ્તારોમાં ધૂમ્રપાન ન કરવા માટેની કડક નીતિઓ લાગુ કરો. આ વિસ્તારો સ્પષ્ટપણે સાઈનેજ પર ચિહ્નિત હોવા જોઈએ અને ઉચ્ચ ઓક્સિજન વિસ્તારો સાથે સંકળાયેલા જોખમો અંગે સ્ટાફને તાલીમ આપવી જોઈએ. પાવર લોડને મોનિટર કરવા અને ઓવરલોડિંગને રોકવા માટે પાવર મેનેજમેન્ટ સિસ્ટમ્સનો ઉપયોગ કરો. ખાતરી કરો કે બહુવિધ હાઈ-પાવર ઉપકરણો એક જ સર્કિટ સાથે જોડાયેલા નથી. આગના કિસ્સામાં, સ્થળાંતર વ્યવસ્થાપનની વિશેષ સમીક્ષા થવી જોઈએ. આગની ઘટનાના કિસ્સામાં અનુસરવા માટે દરેક હોસ્પિટલે એક SOP તૈયાર કરવાની રહેશે.

# TMCએ બંગાળના રાજ્યપાલ સામે ચૂંટણી પ્રક્રિયામાં દખલ કરવા બદલ ફરિયાદ નોંધાવી

કોલકાતા, તા.૨૭

બીજુ જનતા દળ સાથે ગઠબંધન કરવા અંગેની અટકળો ઉપર પૂર્ણવિરામ મૂકતા રાજ્ય ભાજપ પ્રમુખ મનમોહન સામલે ૨૨ માર્ચે કહ્યું હતું કે પાર્ટી તમામ ૨૧ લોકસભા બેઠકો અને તમામ ૧૪૭ વિધાનસભા બેઠકો ઉપર એકલા હાથે લડશે. બીજેડી અને બીજેપી ૧૯૯૮થી ૨૦૦૯ વચ્ચે ૧૧ વર્ષ સુધી ગઠબંધનમાં હતા અને ત્રણ લોકસભા અને બે વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે લડ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસે શુક્રવારે ભારતના ચૂંટણી પંચમાં રાજ્યપાલ સીવી.આનંદ બોઝ સામે લોકસભા ચૂંટણી પ્રક્રિયામાં કથિત રીતે હસ્તક્ષેપ કરવા બદલ ફરિયાદ દાખલ કરી છે મુખ્ય ચૂંટણી કમિશ્નરને સંબોધીને લખેલા પત્રમાં તૃણમૂલ કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે રાજ્યપાલ ECIની સમાંતર ઓફિસ ચલાવી રહ્યા છે. ચૂંટણી દરમ્યાન મતદારોની ફરિયાદો સાંભળવા અને તેમની સાથે સીધી રીતે સંપર્ક કરવા માટે એક નવું પોર્ટલ લોગસભા શરૂ કરવા માટે રાજભવનના અધિકારીઓ ઉપર નિશાન સાધતા ટીએમસીએ કહ્યું કે તે માત્ર ચૂંટણી પંચની શક્તિને જ નહીં પરંતુ તેની સત્તા પણ છીનવી લે છે. ફરિયાદોના નિરાકરણ માટે સામાન્ય જનતામાં બિનજરૂરી મૂંઝવણ ઊભી થાય છે. આવા સંજોગોમાં અમે તમને CV આનંદ બોઝને લોકસભાના નામ અને શૈલી હેઠળ ફરિયાદોની કહેવાતી રિપોર્ટિંગ અને ચૂંટણીની દેખરેખની સમાંતર ચૂંટણી પ્રણાલી ચલાવવાથી રોકવા અપીલ કરીએ છીએ પત્રમાં કહેવામાં આવ્યું છે. રાજ્યપાલને ચૂંટણી પ્રક્રિયા અને ECIની સત્તાઓ અને કાર્યોમાં દખલ કરવાની મંજૂરી ન હોય તે સુનિશ્ચિત કરવું આવશ્યક છે.

# CBSE સ્કૂલોમાં નવા વર્ષથી ધોરણ-૩ અને ૬ના નવા પુસ્તકો ભણાવાશે




અમદાવાદ, તા.૨૭

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) સંલગ્ન સ્કૂલોમાં નવા શૈક્ષણિક સત્રથી ધોરણ-૩ અને ૬ના નવા પાઠ્ય પુસ્તકો અમલમાં આવશે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી તે અમલમાં આવશે. જોકે, ધોરણ-૩ અને ૬ સિવાયના બાકીના તમામ ધોરણમાં હાલમાં જે પુસ્તકો અમલમાં છે તે જ ચાલુ રહેશે. વિદ્યાર્થીઓ નવો અભ્યાસક્રમ સરળતાથી સમજી શકે તે માટે ધોરણ-૬ના વિદ્યાર્થીઓ માટે બ્રિજ કોર્સ અને ધોરણ-૩ના વિદ્યાર્થીઓ માટે સંક્ષિપ્ત માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી CBSE બોર્ડ દ્વારા ધોરણ-૩ અને ધોરણ-૬ માટે નવા પાઠ્ય પુસ્તકો અમલમાં લાવવામાં આવશે. નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT)એ CBSEને ૧૮ માર્ચ, ૨૦૨૪ના પત્ર દ્વારા જાણ કરી હતી કે, ગ્રેડ ૩ અને ૬ માટેનો નવો અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો હાલમાં તૈયાર થઈ રહ્યા છે. જેથી શાળાઓએ હવે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪થી NCERT દ્વારા પ્રકાશિત જૂના પાઠ્યપુસ્તકોની જગ્યાએ ધોરણ-૩ અને ૬ માટે નવા અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોના આધારે વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવાનો રહેશે. ઉપરાંત ધોરણ-૬ માટે એક બ્રિજ કોર્સ અને ધોરણ-૩ માટે સંક્ષિપ્ત માર્ગદર્શિકા NCERT દ્વારા વિકસાવવામાં આવી રહી છે. CBSE બોર્ડ દ્વારા સ્કૂલોના આચાર્ય અને શિક્ષકો માટે કેપેસિટી બિલ્ડીંગ પ્રોગ્રામનું પણ આયોજન કરવામાં આવશે. જેમાં તેમને નવી શિક્ષણનિતી અંતર્ગત અભ્યાસની નવી રીતો અને તે અંગેની તૈયારીઓ માટે માર્ગદર્શન આપવામાં આવશે. સમગ્ર દેશમાં આવેલી CBSE સ્કૂલોમાં ૧ એપ્રિલ, ૨૦૨૪થી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થવાનો છે. જેમાં ધોરણ-૩ અને ધોરણ-૬માં નવા પાઠ્ય પુસ્તકો અમલમાં આવશે. પરંતુ તે સિવાયના અન્ય તમામ વર્ગો માટે અભ્યાસક્રમ અને પાઠ્ય પુસ્તકમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી. બોર્ડ દ્વારા શાળાઓને સુચન કરવામાં આવ્યું હતું કે, બોર્ડની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ અભ્યાસક્રમને તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સુધી પહોંચાડવામાં આવે.

# રાજ્યમાં આગામી પાંચ દિવસ ભેજયુક્ત પવન ફૂંકાવવાની આગાહી

અમદાવાદ, તા.૨૭

હવામાન વિભાગ દ્વારા થોડા દિવસો અગાઉ સૌરાષ્ટ્ર અને કચ્છના જિલ્લાઓમાં તીવ્ર ઉષ્મા લહેરની આગાહી કરવામાં આવી હતી. એટલે કે, સામાન્ય કરતાં ૪.૫ ડિગ્રી સેલ્સિયસ જેટલું તાપમાન વધુ રહેવાની શક્યતાઓને લઈને હીટવેવની આગાહી આપવામાં આવી હતી. જે બાદ પોરબંદર અને વેરાવળમાં સતત ૩-૪ દિવસ સુધી હીટવેવની અસર જોવા મળી હતી. સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્શિયસને પાર પહોચ્યું હતું. દરમ્યાન અરબી સમુદ્રમાંથી આવતા પવનોને કારણે મહત્તમ તાપમાનમાં કેટલાક જિલ્લાઓમાં એકાદ ડિગ્રીનો તફાવત નોંધાયો છે. ગુજરાત રાજ્યને સૌથી લાંબો દરિયા કિનારો મળ્યો છે. રાજ્યના ઘણા જિલ્લામાં આગામી પાંચ દિવસ દરમ્યાન ભેજયુક્ત ગરમ પવન ફૂંકાઈ શકે છે. જેને કારણે બફારાનો અનુભવ થશે. તો ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં આગામી દિવસોમાં એકથી બે ડિગ્રી મહત્તમ તાપમાનમાં વધારો થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષ ૨૦૨૩માં હોળીના દિવસે અમદાવાદ શહેરના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદે એન્ટ્રી લીધી હતી. જ્યારે આ વર્ષે વાતાવરણના ઉપરી સ્તરમાં વાદળો સર્જાયાં હોવાથી આ વાદળોને કારણે વરસાદની શક્યતા ઓછી છે.

# રાજકોટમાં જીવનનગરમાં હોળી, ધૂળેટી પર્વની શાનદાર ઉજવણી કરાઈ

## વૈજ્ઞાનિક પદ્ધતિથી, હોળીનું પ્રાગ્ટય આગવી પ્રતિભા... ધારાસભ્ય ડો. દર્શિતાબેન



રાજકોટ તા.૨૭

ભારત જન વિજ્ઞાન જાથાના સહયોગથી જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ નાગરિક જાગૃત મંડળ, મહાદેવ ધામ સમિતિ, મહિલા મંડળના સંયુક્ ઉપક્રમે જીવનનગરમાં ૪૩ માં વર્ષે હોળી–ધુળેટી પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. વિજ્ઞાન જાથા પાખંડ, અંધશ્રદ્ધાનો વિરોધ કરે છે તેની છણાવટ કરવામાં આવી હતી. પાણીની અંજલિ છાંટી વૈજ્ઞાનિક પદ્ધતિથી હોળીનું પ્રાગ્ટય કરવામાં આવ્યું હતું. જીવનનગર ચોકમાં માનવ મહેરાણ ઉમટી પડયું હતું. ગાંધીગ્રામ પોલીસે વિશેષ બંદોબસ્ત ફાળવ્યો હતો. સૌ પ્રથમ હોળીનું પ્રાગ્ટય પાણીની અંજલિ છાંટી વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટન કરતાં અગ્નિની જવાળાઓએ વિશેષ આર્કષણ ઉભું કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, શહેર ભા.જ.પ. ના ઉપપ્રમુખ પરેશભાઈ હુંબલ, વોર્ડના નગરસેવકો નિરૂભા વાઘેલા, ટાઉન પ્લાનીંગ કમિટીના ચેરમેન ચેતનભાઈ સુરેજા, શ્રીમતિ જયોત્સનાબેન ટીલાળા, ડો. રાજેશ્રીબેન ડોડીયા, વોર્ડ પ્રભારી રઘુભાઈ ધોળકીયા, વોર્ડ પ્રમુખ રજનીભાઈ ગોલ, મહામંત્રી મેહુલભાઈ નથવાણી, ઉપપ્રમુખ કેતનભાઈ મકવાણા, મંત્રી વિપુલભાઈ પંડયા, ઓ.બી.સી. ના રણજીતભાઈ ગોહેલ, ભારતીબેન જાની, મયુરીબેન પટેલ, મેઘાબેન વૈષ્ણવ, સંગીતાબેન ચૌહાણ, વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, ભાવેશ બુંદેલા, પંકજભાઈ મહેતા, અંકલેશ ગોહિલ, શબ્બીરભાઈ ધનાણી, વિવેકભાઈ રાવલ સહિત આગેવાનોએ હાજરી આપી હતી. હોળીની પ્રદક્ષિણા ફરી રહીશોને ત્યૌહારની શુભેચ્છા પાઠવી હતી.

રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રહીશો સાથે હોળીની પ્રદક્ષિણા કરી રહીશોને ત્યૌહારની શુભેચ્છા પાઠવી હતી. ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહે વૈજ્ઞાનિક પદ્ધતિથી હોળીનું પ્રાગ્ટય સવિશેષ આકર્ષણનું કેન્દ્ર છે. સમિતિ વર્ષોથી આ વિસ્તારમાં અનેક પ્રકારની પ્રવૃતિ કરે છે. રાજયમાં આગવું સ્થાન છે. સમિતિના લીડર જયંત પંડયાની કાર્ય પદ્ધતિ બધાને સાથે રાખી કામ કરે છે તેથી સફળતા મળે છે. મારા સહિત બધા ભા.જ.પ. ના હોદ્દેદારોને આ વિસ્તારમાં હાજરી આપવી ગમે છે તેના કારણમાં સમયબદ્ધ કાર્યક્રમો હોય છે. હોળી–ધુળેટી ત્યૌહારની રહીશોને શુભેચ્છા પાઠવી હતી. ટાઉન પ્લાનીંગ કમિટીના ચેરમેન ચેતનભાઈ સુરેજા, નિરૂભા વાઘેલા, શ્રીમતિ જયોત્સનાબેન ટીલાળા, પ્રભારી રઘુભાઈ ધોળકીયા, વોર્ડ પ્રમુખ રજનીભાઈ ગોલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. સંગીત સંધ્યાના કલાકારોએ ત્રણ કલાક સુધી જુના–નવા ગીતો પીરસીને લોકોના દિલ જીતી લીધા હતા. જીગીશા રાવલને વિશેષ કદર કરવામાં આવી હતી. સંચાલન નેહા મહેતાએ કર્યું હતું. રહીશોએ હોળી–ધૂળેટી પર્વ ભાઈચારા, પ્રેમ–લાગણીના પ્રતિક સાથે માનવ સેવાના સુત્રને ધ્યાનમાં રાખી ઉજવણી કરી હતી.

# કવિઓ અને કલાકારોએ અલગારી કવિ શ્રી શ્યામ સાધુની શબ્દયાત્રાને ગાયન અને કાવ્યપઠન દ્વારા જીવંત કરી

## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને સપ્તક કલા સંસ્થા દ્વારા આયોજિત કાર્યક્રમ ગરિમાપૂર્ણ સંપન્ન



જૂનાગઢ તા. ૨૭

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને સપ્ક કલા સંસ્થા, જૂનાગઢ દ્વારા ગત તા. ૨૩-૦૩-૨૦૨૪, શનિવારની રાત્રે જૂનાગઢનાં અલગારી અને મસ્ત મિજાજી કવિ શ્રી શ્યામ સાધુનાં જીવન-કવન આધારિત સ્મૃતિ વંદના કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના પ્રથમ ચરણમાં કોઈપણ ઔપચારિકતા વગર ઉપસ્થિત અતિથિ વિશેષ અને આયોજકો સર્વ શ્રી જીતુભાઈ ભીડી, જયકિશનભાઈ દેવાણી, ડો. ચેતનાબેન પાણેરી, શ્યામ સાધુનાં પુત્ર હસમુખભાઈ સાધુ, મયુરભાઈ રાવલ, મહેન્દ્રસિંહ પઢિયાર, વિપુલ ત્રિવેદી દ્વારા દિપ પ્રાગટય કરી પ્રારંભ કરવામાં આવ્યો. બીજા ચરણમાં કવિશ્રી શ્યામ સાધુનાં જીવન-કવન વિશે પ્રો. કવિશ્રી રમેશ મહેતાએ અસરદાર વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ શ્યામ સાધુ રચિત ગઝલોનું ગાયન જાણીતા ગાયકો અને ગાયિકા શ્રી પિયુષ દવે, સુશ્રી નીરૂ દવે, સુશ્રી ખુશાલી બક્ષી, દર્પિત દવે તેમજ સંગીત ગુરૂ વિપુલ ત્રિવેદીનું સ્વરનિયોજન યુવા કલાકારો ધ્વનિત ત્રિવેદી, કુ. મર્મજ્ઞા ખારોડ, કુ. લબ્ધિ ભટ્ટ, અવધ પટેલ, પાર્થ હિંડોચા દ્વારા કાબિલે દાદ સમૂહ ગઝલ ગાન દ્વારા પ્રસ્તુતિ થઈ જેનું સુંદર સંચાલન જાણીતા ગાયક ઉદઘોષક શ્રી રાજુ ભટ્ટ દ્વારા થયું. કાર્યક્રમના ત્રીજા ચરણમાં જૂનાગઢનાં નામાંકીત કવિ સર્વશ્રી મહેન્દ્રસિંહ પઢીયાર ‘મરમી’, પ્રો.રમેશ મહેતા, પ્રો. જયંત કોરડીયા ‘કેવલ’, રાજેન્દ્ર ભટ્ટ, કમલેશ જેઠવા ‘અમર’, અનિલ સવસાણી દ્વારા શ્યામ સાધુ રચિત રચનાઓ અને પ્રસ્તુત કવિની સ્વરચિત રચનાનું પઠન બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવકોની દાદ અને વાહ...વાહ... વચ્ચે થયું. કવિ સંમેલનનું સંચાલન કવિશ્રી મહેન્દ્રસિંહ પઢિયાર ‘મરમી’ દ્વારા થયું. કાર્યક્રમના ચોથા ચરણમાં કલાકારો અને વિપુલ ત્રિવેદી દ્વારા શ્યામ સાધુની ગઝલોનાં ગાયનથી ઉપસ્થિત શ્રોતા શ્યામ રંગે રંગાયા હતા. સર્વે કલાકારો સાથે વાઘ સંગતમાં સર્વ શ્રી અજીતસિંહ પરમાર-તબલાં, ગૌરવ ભટ્ટી-વાયોલીન/બાંસુરી, નફીસ દરોગા-કીબોર્ડ, જયદત્ત દવે-ઓકટોપેડ, આદિત્ય ત્રિવેદી-ઢોલકમાં રહ્યા હતા. આ તકે જાણીતા કવિશ્રી સ્નેહી પરમાર, ધીરૂભાઈ પુરોહિત, જાણીતા કલાકાર જીતુભાઈ દ્વારકાવાળા, હેમંતભાઇ નાણાવટી અને વિવિધ ક્ષેત્રનાં આગેવાનો તથા જૂનાગઢનાં ભાવક શ્રોતાગણ ઉપસ્થિત રહ્યા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સપ્તક કલા સંસ્થાના કાર્યકર્તા દ્વારા જહેમત ઉઠાવી હતી.

# હોળીના પવિત્ર તહેવારોની અનેરી રીતે ઉજવણી કરતું જૂનાગઢનું ગિરનારી ગ્રુપ

## ગિરનારી ગ્રુપના સભ્યોને તિલક કરી ધુળેટી પર્વની શુભેચ્છા પાઠવતા ભારતી આશ્રમના લઘુ મહંત શ્રી મહાદેવભારતી બાપુ





જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, "બીજાની ખુશીમાં જ આપણી ખુશી છે" એ સૂત્રને સાર્થક કરીને હોળીના પવિત્ર તહેવારની જુનાગઢ શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલ ઝુપડપટ્ટી વિસ્તારના બાળકો સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી નાના નાના ભૂલકાઓના મોઢા ઉપર એક સ્મિત લઈ આવેલ હતી. જેમાં બાળકોને ધાણી, મમરા, ખજૂર, દાળિયા, પતાસા, ચીકુ સહિત અબીલ, ગલાલ અને પિચકારી આપવામાં આવેલ હતી. અને ગાય માતાઓ માટે લાડુઓ બનાવીને ખવડાવામાં આવેલ હતા. રાત્રે હોળીકા દહનની પવિત્ર અગ્નિમાં લોકોની નિરાશા, દારિદ્રય, આળસનું દહન થાય અને બધાંના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ રહે એવી હોલિકા માતાને ભારતી આશ્રમના લઘુ મહંત શ્રી મહાદેવભારતી બાપુ દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી. અને ધુળેટી પર્વની ઉજવણી કેવી રીતે કરવી. શું તકેદારી રાખવી પડે સાથે બાળકોને હોળી અને ધુળેટી પર્વની વિસ્તૃત માહિતી સમીરભાઈ દવે, દેવાંગભાઈ પંડ્યા, કિર્તીભાઈ પોપટ દ્વારા આપવામાં આવેલ હતી. જ્યારે સુધીરભાઈ રાજા, સમીરભાઈ ઉનડકટ, સંજયભાઈ મહેતા, હરીશભાઈ કારીયા, દિનેશભાઈ રામાણી, બીપીનભાઈ ઠકરાર, ભાવેશભાઈ રાજા, મિતેશભાઈ બારૈયા સહિતના લોકોએ આ સત કાર્યમાં પોતાની સેવાઓ આપેલ હતી. અને ગિરનારી ગૃપના સભ્યોએ હોલિકા માતાનું પૂજન, અર્ચન કરીને ધુળેટી પર્વની ઉજવણી કરેલ હતી. તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# BCCI એ TATA IPL ૨૦૨૪નું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર કર્યું

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૨૭

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ સોમવારે ચાલી રહેલી TATA ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ (IPL) નું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર કર્યું. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ, BCCI એ પ્રથમ બે અઠવાડિયા (૨૧ મેચો) માટે શેડ્યૂલ જાહેર કર્યું હતું અને દેશભરમાં આગામી લોકસભા ચૂંટણી માટે મતદાનની તારીખો અને સ્થળોને ધ્યાનમાં રાખીને શેડ્યૂલનો બાકીનો ભાગ તૈયાર કરવામાં આવ્યો છે.

બીજા તબક્કામાં, દિલ્હી કેપિટલ્સ વિશાખાપટ્ટનમમાં તેમની પ્રથમ બે ઘરેલું મેચ રમવાનું પસંદ કર્યા પછી દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમમાં તેમના ઉત્સાહી ઘરેલું દર્શકોની સામે તેમની બાકીની પાંચ ઘરેલું મેચ રમશે.

પંજાબ કિંગ્સ, જેમણે મુલ્લાનપુરના ઁઝછ ન્યૂ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં તેમની સીઝનની શરૂઆત કરી હતી, તેઓ ધર્મશાલામાં તેમના ઘરેલુ અભિયાનની સમાપ્તિ કરશે. મનોહર સ્ટેડિયમ પીબીકેએસનું ઘર હશે, જે ૫મી અને ૯મી મેના રોજ ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ સામે અનુક્રમે બે મેચનું આયોજન કરશે.

રાજસ્થાન રોયલ્સે પણ ગુવાહાટીમાં બીજા સ્થળની પસંદગી કરી છે અને તે આસામમાં તેમની અંતિમ બે ઘરેલું મેચ રમશે. તેઓ પહેલા ૧૫મી મેના રોજ પંજાબ કિંગ્સનું આયોજન કરશે અને બાદમાં ૧૯મી મેના રોજ કોલકાતા નાઈટ રાઈડર્સ સાથે રમશે, જે આઈપીએલની ૧૭મી સીઝનના લીગ તબક્કાના સમાપનને પણ ચિહ્નિત કરશે. ૨૦મી મેના રોજ વિરામ બાદ, સ્પોટલાઈટ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તરફ જશે કારણ કે વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં ૨૧મી મે, મંગળવારના રોજ બે ટોચના ક્રમાંકિત પક્ષો સાથે ઈલેક્ટ્રીફાઈંગ ક્વોલિફાયર ૧ મુકાબલો યોજાશે, ત્યારબાદ બુધવાર, ૨૨મી મેના રોજ રોમાંચક એલિમિનેટર રમાશે.

એ જ રીતે સીઝનના ઓપનર, ક્વોલિફાયર ૨ અને ગ્રાન્ડ ફાઈનલ ચેન્નાઈમાં થશે, જે વર્તમાન ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સનું હોમ ટર્ફ છે. ક્વોલિફાયર ૨, ક્વોલિફાયર ૧ ના હારનાર અને એલિમિનેટરના વિજેતા વચ્ચે રમાશે, શુક્રવાર, ૨૪મી મેના રોજ થશે, ત્યારબાદ રવિવાર, ૨૬મી મેના રોજ શિખર અથડામણ થશે.

# • રમઝાન મુબારક •





## વચનપાલન

એક વખતની વાત છે.વ્હાલા નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ વખતે નવયુવાન હતા. નબુવ્વતનો ઈઝહાર પણ થયો ન હતો. આપ એ દિવસોમાં વેપાર કરતાં હતાં. આપના વેપાર-ધંધામાં અબ્દુલ્લાહ નામના એક સાથીદાર પણ હતા. તેમની સાથે આપ મોટા ભાગે કારોબાર કરતાં હતાં. એક દિવસ બન્ને કોઈ ચીજની લેવડ-દેવડનો સોદો કરી રહ્યા હતા. વાતચીત હજુ અધૂરી જ હતી. એવામાં અબ્દુલ્લાહને બીજા કામસર ક્યાંક જવાનું થયું. તેઓ નબી સાહેબને કહેતા ગયા કે આપ અહીં ઊભા રહો, હું હમણાં જ પાછો આવું છું પછી આપણે આગળ વાત કરીશું.

ત્યાંથી ગયા પછી અબ્દુલ્લાહ આ વાત ભૂલી ગયા. ત્રણ દિવસ સુધી તેમને પોતાનું વચન યાદ આવ્યું નહી. ત્રીજે દિવસે આ વાત યાદ આવતાં જ તેઓ વાતચીત થઈ હતી તે સ્થળે પહોંચ્યાં. ત્યાં જઈને જોયું તો, આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ત્યાં જ બેઠા રાહ જોઈ રહ્યાં હતાં. અબ્દુલ્લાહ તો પોતાની આવી ભૂલથી બહુ જ શરમિંદા થયા પણ આપને જરા પણ માઠું લાગ્યું ન હતું. બહુ જ નમ્ર અવાજમાં આપે એટલું જ કહ્યું. “અબ્દુલ્લાહ તમે મને બહુ તકલીફ આપી, ત્રણ ત્રણ દિવસથી તમારી રાહ જોતો અહીં બેઠો છું.”

| |
|---|
| રોઝા - ૧૬ બુધવાર |
| ઈફતાર - ૭ : ૦૫ |
| રોઝા -૧૭ ગુરૂવાર |
| શહેરી - ૫ : ૩૧ |

## પોતાનું કામ પોતે જ કરો

એક સમયની વાત છે. અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બેઠાં હતાં. એટલામાં એક સહાબી આવ્યા. સલામ કરી. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉમળકાભેર મળ્યા. આપ પોતાના સાથીઓ સાથે પ્રેમપૂર્વક વર્તતા હતા. તેમનો હાથ પકડીને બેસાડવા લાગ્યા, તો જોયું કે તેમના હાથ કાળા થઈ ગયેલા છે.

આપે નવાઈ પામતાં પૂછ્યું, “કેમ ભાઈ ! શું તમારા હાથ પર કંઈક લખેલું છે. આ કાળા કાળા ડાઘા શાના છે?”

તેમણે કહ્યું : “ના હુઝૂર ! આવું નથી. વાસ્તાવમાં મારા બાલબચ્ચાના ભરણપોષણ માટે પથ્થરો ઉપર પાવડાથી કામ કરુ છું. એની જ મજૂરીથી અમારા સૌનું ગુજરાન ચાલે છે. આ બધા ગઠ્ઠાના નિશાન છે, કંઈ લખેલું નથી.”

સહાબીની આ કથની સાંભળી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમબહુ ખુશ થયા અને એમના હાથ ચૂમી લીધા. અને ખુશ કેમ ન થતાં. આ કેટલી ખુશીની વાત હતી કે તે એક ગરીબ માણસ છે. કોઈની સામે હાથ નથી ધરતો. ધોકાબાજી અને બેઈમાનીથી પૈસા કમાતો નથી બલ્કે મહેનત-મજૂરી કરીને પોતાનું અને પોતાના બાલબચ્ચાનું ભરણપોષણ કરે છે અને એવી સખત મહેનત મજૂરી કરે છે કે હાથ કાળા પડી ગયા છે. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નજરમાં આ વાત બહુ જ આદરણીય હતી. આથી જ તો આપે એના હાથ ચૂમી લીધા.

- ઈસ્લામ દર્શન કેન્દ્ર- જૂનાગઢ

# પીજીઆઈએમ ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડે પીજીઆઈએમ ઈન્ડિયા રિટાયર્મેન્ટ ફંડ લોન્ચ કર્યું

## પીજીઆઈએમ ઈન્ડિયા રિટાયર્મેન્ટ ફંડ એસએન્ડપી બીએસઈ ૫૦૦ ટીઆરઆઈ સામે બેન્ચમાર્ક થશે

મુંબઈ, ૨૭

આયુષ્યમાં વધારો, વધતા હેલ્થકેરના ખર્ચ તથા ફુગાવાના લીધે વહેલી તકે નિવૃત્તિ માટે બચતો કરવી જરૂરી બની ગઈ છે. આથી તમારા નિવૃત્તિના લક્ષ્યાંકો માટે શક્ય એટલા વહેલી તકે બચતો અને રોકાણને પ્રાથમિકતા આપવી સલાહભર્યું છે. સંચયના તબક્કા દરમિયાન મ્યુચ્યુઅલ ફંડ્સની રિટાયર્મેન્ટ કેટેગરીમાં ઈક્વિટીમાં રોકાણ કરવાના બે ફાયદા છે. પહેલો એ કે લાંબા ગાળે ઈક્વિટીની સંભાવનાને ઈન્ફલેશન બીટ કરે તેનો લાભ ઉઠાવી શકાય છે અને બીજો ફાયદો એ કે રિટાયર્મેન્ટ નામના ફંડનો ઉપયોગ કરીને તમારા ચોક્કસ લક્ષ્યાંકો માટેની પ્રતિબદ્ધતાને જાળવી રાખવામાં મદદ મળે છે જેને નિષ્ણાંતો મેન્ટલ અકાઉન્ટિંગ કહે છે.

પીજીઆઈએમ ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડે આજે તેના ઓપન-એન્ડેડ ફંડ પીજીઆઈએમ ઈન્ડિયા રિટાયર્મેન્ટ ફંડના લોન્ચની જાહેરાત કરી હતી. આ ફંડ પાંચ વર્ષ અથવા નિવૃત્તિની ૬૦ વર્ષની ઉંમર (જે પહેલા થાય તે) સુધીનો લોક-ઈન પિરિયડ ધરાવે છે.

આ ફંડનો ઉદ્દેશ્ય ઈક્વિટી, ઈક્વિટી સંબંધિત સાધનો, REITs અને InvITs અને ફિક્સ્ડ ઈન્કમ સિક્યોરિટીઝ ધરાવતી સિક્યોરિટીઝના મિશ્રણમાં રોકાણ કરીને રોકાણકારોને તેમના નિવૃત્તિના ધ્યેયોને અનુરૂપ મૂડીમાં વૃદ્ધિ અને આવક પ્રદાન કરવાનો છે.

નિવૃત્તિ માટે બચત અને રોકાણના મહત્વ અંગે પીજીઆઈએમ ઈન્ડિયા એસેટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ અજીત મેનને જણાવ્યું હતું કે, “લાંબા સમય સુધી જીવવું એ નિવૃત્તિ આડે એવું જોખમ છે જેની કદર કરી શકાય તેમ નથી અને તે દરેક વ્યક્તિને ઉકેલો શોધવાની ઝંઝટમાં મૂકે છે. ઘર, શિક્ષણ, કાર જેવા આપણા જીવનના મોટા ભાગના ધ્યેયો પરંપરાગત લોનથી પૂરા થઈ શકે છે પરંતુ જ્યારે નિવૃત્તિની વાત આવે છે ત્યારે આપણે લોનથી તેના માટે ભંડોળ ઊભું કરી શકતા નથી. આમ લોકો માટે તેમના નિવૃત્તિ માટેના ભંડોળને ઊભું કરવાને પ્રાથમિકતા આપવી જરૂરી છે. ધ્યેય આધારિત અભિગમ સાથે તમારા રોકાણનું આયોજન કરવામાં મદદ કરવા માટે વિશ્વાસપાત્ર નાણાંકીય સલાહકાર હોવો સલાહભર્યું છે. નિવૃત્તિ માટે નિર્ધારિત સમર્પિત ફંડમાં રોકાણ કરવાથી તમારા ધ્યેય પ્રત્યે લાંબા સમય સુધી પ્રતિબદ્ધ રહેવામાં અને લાંબા ગાળાના ચક્રવૃદ્ધિનો લાભ મેળવવામાં પણ મદદ મળે છે.”

પીજીઆઈએમ ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડના સીઆઈઓ વિનય પહારિયાએ જણાવ્યું હતું કે “વિવિધ વૈશ્વિક એજન્સીઓના અંદાજ મુજબ ભારત આગામી કેટલાક વર્ષોમાં સૌથી ઝડપથી વિકસતી જી૨૦ ઈકોનોમી પૈકીની એક બનવા માટે સજ્જ છે. લાંબા ગાળે કોર્પોરેટ અર્નિંગ દેશના સામાન્ય જીડીપીમાં વૃદ્ધિને ટ્રેક કરે છે અને શેરની કિંમતો અર્નિંગમાં ગ્રોથ ટ્રેક કરે છે. ઊંચી વૃદ્ધિવાળા અને સારા ગુણવત્તાસભર લાર્જ અને મીડ કેપ કંપનીઓમાં રોકાણની સતત સારી તકો મળી રહી છે જે ભારતની ગ્રોથ સ્ટોરીનો લાભ લઈ શકે છે. આવી કંપનીઓ લાંબા ગાળે મૂડી-સક્ષમ રીતે ઝડપી ગતિએ મૂડીની વૃદ્ધિ ચાલુ રાખી શકે છે. આથી, ઊંચી વૃદ્ધિ ધરાવતા અને સારા ગુણવત્તાસભર સ્ટોકસનો વૈવિધ્યસભર પોર્ટફોલિયો મજબૂત નિવૃત્તિ ફંડ ઊભું કરવામાં મદદ કરી શકે છે.”

# દેશના એકમાત્ર મતદાર ધરાવતા મત કેન્દ્ર એવા ગીરગઢડાના બાણેજની મુલાકાત લેતા જીલ્લા કલેક્ટર

## એકમાત્ર મતદાર માટે ૧૫ જણાના પોલિંગ સ્ટાફની વ્યવસ્થા, પોલિંગ સ્ટાફ જંગલમાં ૨૫ કિ.મી.ની દૂર્ગમ મુસાફરી કરી પહોંચે છે




(પ્રતિનિધિ દ્વારા)
કોડીનાર, તા.૨૭

મતદારોની દ્રષ્ટીએ ભારત એ વિશ્વની સૌથી મોટી લોકશાહી છે, સાથોસાથ વિશાળ અને વૈવિધ્યસભર ભૂપૃષ્ઠોને કારણે પણ દેશનો એકપણ નાગરિક મતદાનના અધિકારથી વંચિત રહી ન જાય તે સુનિશ્ચિત કરવું એ પણ મોટો પડકાર છે. પરંતુ ભારતના ચૂંટણી પંચના 'Every Vote Counts' ના અભિગમને સાર્થક કરવામાં ગીર સોમનાથ જિલ્લાનું ચૂંટણી તંત્ર પણ એટલું જ સુસજ્ઞ છે.

જ્યાં પરિવહનની જરૂરી વ્યવસ્થાઓના અભાવે પહોંચવું મુશ્કેલીભર્યું હોય છે અથવા મતદારોને મતદાન કરવા દૂર સુધીનું અંતર કાપવું પડે છે. આવી તમામ વિપરિત પરિસ્થિતિઓમાં પણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દિગ્વિજયસિંહ ડી. જાડેજાના નેતૃત્વમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ગીરના જંગલોમાં આવેલા નેસ અને દેશમાં દેશના એક માત્ર મતદાર ધરાવતા બાણેજ સહિતના સ્થળોએ વિશિષ્ટ મતદાન મથકો તૈયાર કરી ભારતના ચૂંટણી પંચના 'Every Vote Counts' ના સંકલ્પને સાર્થક કરવાના સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.


ગીર સોમનાથ જિલ્લાનું આવું જ એક સ્થળ છે બાણેજ... ગીર સોમનાથ જિલ્લાના વડા મથક એવા વેરાવળ થી ૮૦ કિલોમીટર દૂર આવેલ તથા સૌથી નજીકના માનવ વસ્તીવાળા વિસ્તાર જામવાળાથી ૨૫ કિલોમીટર દૂર અને દૂર્ગમ અને અડાબેટ જંગલમાં આવેલ એકમાત્ર મતદાર ધરાવતા વ્યક્તિ માટે ઊભા કરવામાં આવેલ મતદાન મથક અને તેને સંલગ્ન વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા માટે કલેક્ટર દિગ્વિજયસિંહ ડી.જાડેજાએ આજે સવારે મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે, દેશના આગવા અને અનોખા મતદાન મથકમાં સમાવિષ્ટ એવા બાણેજ ખાતે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા એકમાત્ર મતદાર માટે ૧૫ જણાના પોલિંગ સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવે છે. ઉબડ-ખાબડ રસ્તાઓ વળોટીને ગીરના જંગલમાં આવેલ બાણેજ ખાતે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મંદિરની નજીક આવેલા વનવિભાગના ક્વાર્ટરમાં એક વ્યક્તિ માટે ૧ પ્રિસાઈડિંગ ઓફિસર, ૨ પોલિંગ એજન્ટ, ૧ પટાવાળા, ૨ પોલીસ તેમજ ૧ સી.આર.પી.એફ. અને અન્ય સહાયક સ્ટાફ મળી ૧૫થી વધુ વ્યક્તિઓની મતદાન સંબંધિત કામગીરી માટે નિયુક્તિ કરવામાં આવે છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દિગ્વિજયસિંહ ડી. જાડેજાએ બાણેજ ખાતે મતદાન અંગેની તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરતાં જણાવ્યું હતું કે, 'લોકશાહીમાં એક-એક મત કિંમતી છે. દૂર્ગમ વિસ્તારોમાં પણ કોઈ મતદાર, મતદાન કરવાના મૂળભૂત અધિકારથી વંચિત ન રહે તે માટે ચૂંટણી તંત્ર ભગીરથ પ્રયત્નો કરે છે. દેશમાં માત્ર મતદાર ધરાવતું એવું વિશિષ્ટ મતદાન મથક બાણેજ છે. જ્યાં મંદિરના મહંત તેમનો એકમાત્ર મત આપે છે.

જંગલ વિસ્તારના આવા દૂર્ગમ વિસ્તારમાં પણ જો ચૂંટણીતંત્ર સંનિષ્ઠ પ્રયાસો કરતું હોય તો તમામ લોકોએ પણ પોતાના મતાધિકારનો ઉપયોગ અવશ્ય કરવો જોઈએ અને લોકશાહીને મજબૂત બનાવવા માટે પોતાનો અમૂલ્ય મત અવશ્ય આપવો જોઈએ.'

કલેક્ટરે મહંતને ચૂંટણીના મહત્વ અને ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો વિશે માહિતી આપી હતી અને બાણેજ મતદાન મથક ખાતે 'એક વોટ, સો ટકા મતદાન'ની પરંપરા બરકરાર રાખવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત, જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ૪૨ જેટલા જ મતદારો ધરાવતા સાપના નેશ તથા આફ્રિકન મૂળ ધરાવતા ગીર ગઢડાના જાંબુર સહિતના ક્ષેત્રોમાં પણ વધુમાં વધુ મતદાન થાય તે માટેની સુદ્રઢ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. જેથી દરેક મતદાર તેના માતાધિકારનો ઉપયોગ કરી શકે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેક્ટરની આ મુલાકાત વેળાએ ગીર ગઢડાના મામલતદાર ગૌતમભાઈ વાળા, ચૂંટણી તંત્ર સાથે સંકળાયેલા અધિકારીઓ-કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

# ગીર સોમનાથ કલેક્ટરે ગીર મધ્યે બાણેજ ખાતે મંદિર પરિસરની સફાઈ કરી સ્વચ્છતા સાથે પ્રકૃતિ જતનનો સંદેશ આપ્યો

(પ્રતિનિધિ દ્વારા)
કોડીનાર, તા.૨૭

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દિગ્વિજયસિંહ ડી.જાડેજાએ ભારતના એકમાત્ર મતદાર ધરાવતા વિશિષ્ટ મતદાન મથક બાણેજની આજે સવારે મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે બાણ ગંગેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરી તેમણે મંદિર પરિસર અને આસપાસના વિસ્તારમાં સફાઈ કરી સમાજને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. કલેક્ટરે જિલ્લામાં આવેલા ધાર્મિક સ્થળો અને પ્રવાસનની જગ્યાએ નાગરિકો અને પ્રવાસીઓ કચરો અને ગંદકી ન ફેલાવે અને દેશને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે સ્વચ્છતાના અભિયાનમાં સહભાગી થાય તે માટેની અપીલ કરી હતી. કલેક્ટરે સ્વચ્છતાની મહત્તા વર્ણવતા જણાવ્યું હતું કે, 'જંગલ એ પ્રકૃતિની અમૂલ્ય દેન છે. જંગલમાં ફરવા આવતાં પ્રવાસીઓ વેફર, કોલ્ડ્રિંક્સની ખાલી બોટલ્સ, નકામી કોથળીઓ અને અન્ય કચરો જ્યાં ત્યાં ફેંકી જંગલ વિસ્તારને પ્રદૂષિત ન કરે, કચરો કચરાપેટીમાં જ નાખે અને અમૂલ્ય એવી પ્રાકૃતિક સંપદા જાળવવા માટે પોતાનો મહત્વપૂર્ણ ફાળો આપે. કલેક્ટર સાથે બાણ ગંગેશ્વર મહાદેવ મંદિરના મહંત હરિદાસજી સહિત મામલતદાર અને અન્ય કર્મચારીઓ પણ આ મહત્વપૂર્ણ સફાઈ અભિયાનમાં જોડાયાં હતાં.


**મતાધિકારના ઉપયોગથી લોકશાહીને વધુ મજબૂત બનાવીએ- મહંત હરિદાસજી**

દેશમાં માત્ર એક જ મતદાર ધરાવતા ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના બાણેજ ખાતે આવેલ બાણ ગંગેશ્વર મહાદેવ મંદિરના મહંત અને એકમાત્ર મતદાતા એવા હરિદાસજીએ જણાવ્યું હતું કે, 'બાણેજ ખાતે એકમાત્ર મતદાર તરીકે મતદાન કરી હું મારી પવિત્ર ફરજ અદા કરૂ છું. મારા એક મત માટે ચૂંટણી તંત્ર દ્વારા જે વ્યવસ્થાઓ ગોઠવવામાં આવે છે, એ દર્શાવે છે કે, આપણા દેશમાં દરેક મતની કેટલી કિંમત છે. મહંતે વધુમાં અપીલ કરતાં જણાવ્યું હતું કે, મત આપવામાં કોઈ જ બાકી રહેવું ન જોઈએ. સમગ્ર દેશમાં તમામ મતદારો મત આપે અને લોકશાહી વ્યવસ્થા વધુ સુદ્રઢ બને એ માટે ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે જરૂરી છે.

એક મત માટે જો ચૂંટણીતંત્ર આટલી બધી વ્યવસ્થા ગોઠવતું હોય તો આપણી ફરજ છે કે આપણે તેમાં પાછા ના પડીએ અને આપણો પવિત્ર અને કિંમતી મતદાનથી વિશ્વની સૌથી મોટી લોકશાહી એવા ભારત દેશને વધુ મજબૂત કરીએ'.

# વિસાવદર મામલતદાર કચેરીના શૌચાલયોના તાળા ખોલી પ્રજા માટે ચાલુ કરવા રજુઆત

(વિનુ પુરોહિત દ્વારા)
વિસાવદર તા.૨૭



ટિમ ગબ્બર ગુજરાતના સુરતના એડવોકેટ કે.એચ. ગજેરા, તથા વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા મુખ્યમંત્રી, કલેકટર,પ્રાંત અધિકારી વિગેરેને લેખિતમાં મેઈલ કરી જણાવેલ છે કે,વિસાવદર મામલતદાર કચેરીના પ્રજા માટે બનાવવામાં આવેલા શૌચાલયોને ઓફિસના અમુક ચોક્કસ વ્યક્તિ દ્વારા તાળા મારી પોતાના અંગત ઉપયોગ માટે ઉપયોગ કરવામાં આવી રહીયો છે વિસાવદર તાલુકો જુનાગઢ જિલ્લામાં સૌથી મોટો તાલુકો હોય તાલુકાના ૮૪ જેટલા ગામો તથા ૧૮ થી ૨૦ જેટલા નેશોની પબ્લિક અહીં આવતી હોય તેમા કેટલાય વૃદ્ધ , અપંગ, તથા લેડીશો આવતા હોય ત્યારે તેમના ઉપયોગ માટે બનાવવામાં આવેલ શૌચાલયો ને કચેરી તરફથી તાળા લગાવવામાં આવેલ છે તે તાળા તાત્કાલિક અસરથી ખોલી નાખવામાં આવે તેમજ ફરીથી આવા તાળા મારવામાં ન આવે અને તાળા મારનાર કર્મચારી સામે કાયદેસરની પોલીસ ફરિયાદ કરવા અમારી રજુઆત છે.અમારી આ રજુઆત લાગુ પડતા વિભાગોમાં પહોંચાડી કરેલ કાર્યવાહીનો લેખીત જવાબ નાગરિક અધિકારપત્ર અન્વયે અમારા ટિમ ગબ્બર ગુજરાતના સરનામે મોકલવા અમારી માંગણી અને રજુઆત કરેલ હોવાનું ટિમ ગબ્બર ગુજરાતના એડવોકેટ નયનભાઈ જોશીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# ખંભાળિયામાં ઘર ઘર સંપર્ક અભિયાન અંતર્ગત કાર્યશાળા યોજાઈ



(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે આવેલા જિલ્લા ભાજપ કાર્યાલય "દ્વારકેશ કમલમ" ખાતે ગત સાંજે ઘર ઘર અભિયાન અંતર્ગત કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીના વડપણ હેઠળ યોજવામાં આવેલા ઘર ઘર સંપર્ક અભિયાનની કાર્યશાળાના આયોજનમાં આ અભિયાનના જિલ્લા સંયોજક અને જિલ્લા ભાજપ મહામંત્રી યુવરાજસિંહ વાઢેર તેમજ ખંભાળિયા વિસ્તારના સંયોજક પાલભાઈ કરમુર અને દ્વારકાના સંયોજક સહદેવસિંહ પબુભા માણેક સહિતના આગેવાનો દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ આયોજન દરમ્યાન લાભાર્થી સંપર્ક અભિયાનના જિલ્લા સંયોજક રાજુભાઈ સરસિયા, ખંભાળિયા તાલુકા પંચાયતના પ્રમુખ ઘનશ્યામસિંહ જાડેજા, નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી, જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન જીતેન્દ્રભાઈ કણજારીયા સાથે જિલ્લાના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ ઉપરાંત સંગઠનના તમામ અપેક્ષિત કાર્યકરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યશાળામાં ઘર ઘર સંપર્ક અભિયાન, લાભાર્થી સંપર્ક અભિયાન, ઉપરાંત આગામી દિવસોમાં સંગઠનાત્મક કાર્યક્રમો વિશે ખાસ માર્ગદર્શન અપાયું હતું.

### આયાતી ઉમેદવારને લઈને વિરોધનો સુર

# પોરબંદર લોકસભાની બેઠકનાં ભાજપના ઉમેદવાર મનસુખભાઈ માંડવીયાને બદલાવવાની માંગ કરતો વિડીયો વાયરલ થતા હડકંપ

(પ્રકાશ પંડિત દ્વારા)
આદિત્યાણા તા.૨૭

પોરબંદર લોકસભાની ચુંટણી અન્વયે ભાજપ દ્વારા કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખઈ માંડવીયાને ટીકીટ ફાળવતા કાર્યકરોમાં અંદરો અંદર કાનાફુસી થતી હોય કે મનસુખભાઈ પાલીતાણા-ભાવનગરના અને ટીકીટ પોરબંદરથી આપી. પોરબંદરમાં પણ કોઈ ખુલીને સામે આવીને વાત કરતા ન હતા પણ બે દિવસ પહેલા ભાજપે વડોદરામાં ઉમેદવાર બદલતા હવે અહીપણ જેતપુરના એક પટેલ યુવાન બન્ની ગજેરાનો વિડીયો વાયરલ થઈ રહેલ છે જેમાં તે પોતાને પુર્વ પાસના કાર્યકર અને બાદમાં ભાજપમાં હોવાનું જણાવે છે અને તે મનસુખભાઈને જે ટીકીટ અપાયેલ છે તેનો ખુલ્લો વીરોધ કરી રહેલ છે કે સ્થાનિક હોય તેવાને ટીકીટ આપો. રમેશભાઈ ધડુક પોરબંદર વિસ્તારમાં સામાન્ય કાર્યકરને ત્યાં પ્રસંગોપાત જતા હતા તે આ વિસ્તારમાં ખુબ લોકપ્રિય છે. તો રમેશભાઈને ટીકીટ આપવી જોઈએ. અથવા જયેશભાઈ રાદડીયા કે ભરતભાઈ બોઘરાને ટીકીટ આપવી જોઈએ. આયાતી ઉમેદવારને સ્થાનિક પટેલ સમાજ સ્વીકારશે નહી. નહી અને મનસુખભાઈને મત આપશે નહી એટલે મનસુખભાઈને બદલવાની માંગણી કરતો વિડીયો વાયરલ થતા આ વિસ્તારમાં હડકંપ મચી ગયેલ છે ઉપરાંત ધોરાજી વિસ્તારમાં પણ આયાતી ઉમેદવારના વિરોધમાં પોસ્ટર લગાડવામાં આવ્યાનું જાણવા મળે છે. આમ પણ આ વિસ્તારમાં રમેશભાઈ ધડુકની લોકપ્રિયતા અનહદ છે. પોરબંદર વિસ્તારમાં સ્થાનિક કાર્યકરોના ઘરે સામાન્ય પ્રસંગ હોય તો પણ રમેશભાઈ અથવા તેમના પુત્ર ખાસ હાજરી આપે છે અને કોઈપણ કામ માટે રમેશભાઈ ધડુક તત્પર રહે છે. આમપણ કોરોના કાળ વખતે પણ રમેશભાઈ સેવા અનન્ય રહેલ છે ઉપરાંત વાવાઝોડા, પુર જેવી પરિસ્થિતીમાં રમેશભાઈની સેવા સરાહનીય રહેલ છે. કોરોનાકાળમાં પોતાના વિસ્તારના લોકોની સેવા કરવા સબબ ભારતભરમાં રમેશભાઈ નોંધ લેવાઈ હતી અને વધુમાં વધુ વિસ્તારમાં સેવા કરવા બદલ તેમનો ભારતમાં બીજો નંબર આવેલ હતો. ઉપરાંત સ્થાનિક લોકો પણ કહી રહેલ છે કે આ એવા સાંસદ છે કે પોતે ગોંડલ રહેતા હોવા છતાં પોરબંદર વિસ્તારમાં મહિનામાં આઠ દિવસ હોય છે બાકી અગાઉ સાંસદ દેખાતા પણ ન હતા.

આમ, પોરબંદર વિસ્તારના લોકો પણ કહી રહેલછે કે રમેશભાઈ ધડુકને ટીકીટ આપવામાં આવે અને તે માત્ર ફોર્મ ભરી પ્રચાર પણ ન કરે તો પાંચ લાખ મતથી ચુંટાઈ જાય તેવી ચર્ચા થાય છે. અત્યારે તો મનસુખભાઈ સામે ધીમે ધીમે વિરોધનો સુર સંભળાઈ રહેલ છે. અમુક કાર્યકરો એમ પણ કહે છે કે મનસુખભાઈ કેન્દ્રીય મંત્રી હોવાને કારણે આ વિસ્તારમાં ચુંટાઈ આવે અને ફરી પ્રધાન બને તો પોરબંદરને ખુબ ફાયદો થશે તેવી પણ ચર્ચા થઈ રહી છે.

# ઉના તાલુકાનાં એલમપુર ગામે જુના મનદુ:ખે ગેરકાયદેસર મંડળી રચી જીવલેણ હુમલો : ફરીયાદ

(પ્રતિનિધિ દ્વારા)
ઉના, તા.૨૭

ઊના તાલુકાના એલમપુર ગામે ગઈકાલે ધુળેટીના તહેવારના દિવસે લોકો બાપા સીતારામના ઓટા પાસે ડીજેના મ્યુઝિકના તાલે રંગે રમી નાચતા હતા ત્યારે તેજ ગામના અક્ષય નાનું મકવાણા, કરસન મેણસી મકવાણા, મેણસી પીઠા મકવાણા, કલ્પેશ ખોડું મકવાણા, મનસુખ નાનું મકવાણા, અશ્વિન નાનું મકવાણા, જયેશ રમેશ મકવાણા, જયેશ મેણસી મકવાણા, દીપક કાનાભાઈ મકવાણા રે. તમામ એલમપૂર તા. ઊના વાળા જૂના મન દુઃખનું વેર રાખી ઈરાદાપૂર્વક ગેર કાયદેસર મંડળી રચી લોખંડના પાઈપ, છરી, લોખંડનું કડું, લાકડી અને છુટ્ટા પથ્થરો લઈ ધસી આવે પ્રથમ બીભત્સ ગાળો બોલી હથિયારો વતી અને છુટ્ટા પથ્થરો વતી હુમલો કરતા વિપુલભાઈ સાખટ, બાલુંભાઈ જાદવ સાખટ, કપિલ મંગાભાઈ શિયાળ, મનીષાબેન સાખટ સહિત લોકોને માથામાં, પેટમાં હાથમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તુરંત ઊના સરકારી હોસ્પિટલે સારવાર માટે ખસેડાયા હતા અને ઊના પોલીસ પણ પહોંચી ગઈ હતી અને ઊના પોલીસમાં ઈજા પામનાર કપિલભાઈ મંગાભાઈ શિયાળ રે. એલમપુર તા. ઊના વાળાએ ૯ લોકો સામે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડીની ફરિયાદ દાખલ કરી હતી. પોલીસે આઈ.પી.સી. ૩૦૭, ૩૨૫, ૩૨૩, સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને પકડવા ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન રાણા અને પીએસઆઈ એચ એલ જેબલિયા અને સ્ટાફે જુદી જુદી ટીમ બનાવી આરોપીઓને પકડવા તજવીજ શરૂ કરી છે.

# ખંભાળિયાની જાણીતી ગ્રામ્ય શાળામાં બાળકોએ પરંપરાગત હોળી, ધુળેટી પર્વની મોજ માણી




(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૭

ખંભાળિયાના ધરમપુર વિસ્તારમાં આવેલી પ્રેસિડેન્ટ શાળા ખાતે તાજેતરમાં બાળકોએ હોળી તેમજ ધુળેટી પર્વની પરંપરાગત માહોલમાં ઉજવણી કરી હતી.

ખંભાળિયા નજીક આવેલા ધરમપુર ગ્રામ પંચાયત વિસ્તાર સ્થિત ધી પ્રેસિડેન્ટ સ્કૂલના બાળકો માટે શાળાના સંચાલકો દ્વારા પરંપરાગત રીતે મનાવાતી હોળી તેમજ ધુળેટીના આ આયોજનમાં હુતાસણી પર્વે ભારતની પ્રાચીન સંસ્કૃતિ તેમજ આસ્થાથી વાકેફ કરી તમામ બાળકોને હોળીમાં હોમવા માટે પ્રસાદી રૂપે છાણા આપવામાં આવ્યા હતા અને હોળી સાથે સંકળાયેલી બાબતોને રજુ કરવામાં આવી હતી. આ પછી બાળકોએ સંગીત સભર માહોલમાં હોલી સોંગ પર સુંદર ડાન્સ કરી અને કલર, ગુબારા, પાણી, વિગેરેથી હોળીના કલરની રમઝટ બોલાવી હતી. આ શાળાના પ્રિન્સિપાલ શ્રી ચંદુભાઈએ તમામ બાળકોને ચોકલેટ અને ઠંડા પીણા આપીને આ પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. આમ, આસ્થા સાથેના સંગીતમય માહોલ વચ્ચે બાળકોના કલરવએ સૌને આકર્ષિત કર્યા હતા.

# ખંભાળિયાનાને વંદે ભારત ટ્રેનનો સ્ટોપેજ આપવા રજૂઆત

(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૭

ઓખાથી અમદાવાદ વચ્ચે ચાલી રહેલી ટ્રેન વંદે ભારત ટ્રેનને ખંભાળિયાનો સ્ટોપ ના હોવાથી આ અંગે અહીંના એક અગ્રણી શિક્ષણવિદ તથા મહિલા આગેવાન દ્વારા કેન્દ્રીય રેલવે મંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. ઓખા - અમદાવાદ વચ્ચે થોડા સમય પૂર્વે શરૂ કરવામાં આવેલી વંદે ભારત ટ્રેનનું દ્વારકાથી સીધું જામનગર સ્ટોપ છે. ત્યારે ખંભાળિયા શહેર દેવભૂમિ દ્વારકા જિલ્લાનું મુખ્ય મથક છે અને અહીં દરરોજ મોટી સંખ્યામાં રેલ યાત્રાળુઓની અવર-જવર રહે છે. જો વંદે ભારત ટ્રેનને ખંભાળિયાનો સ્ટોપ આપવામાં આવે તો આ ટ્રેનનો લાભ વધુમાં વધુ રેલ મુસાફરોને મળી રહે. આટલું જ નહીં, રેલવે તંત્રને પણ આવકમાં વધારો થાય. આ મુદ્દે અહીંના જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા જાણીતા તબીબ ડો. પી.વી. કંડોરીયા (દેવભૂમિ હોસ્પિટલ વારા) તેમજ જિલ્લા ભાજપ મંત્રી માલતીબેન પરબતભાઈ કંડોરીયા દ્વારા કેન્દ્રીય રેલવે મંત્રી પિયુષ ગોયલ અને એક લેખિત પત્ર પાઠવી, ખંભાળિયાને આ ટ્રેનનું સ્ટોપેજ મળે તે માટેની માંગ કરી છે. આ પત્રની નકલ સાંસદ પૂનમબેન માડમને પણ મોકલવામાં આવી છે.

# સાવધાન જૂનાગઢ સહિત સોરઠમાં આજથી ૩ દિવસ હીટવેવ



## છેલ્લા ત્રણ દિવસથી તાપમાનનો પારો ૩૯.૦૫ની આસપાસ પહોંચ્યો : આજે તાપમાનનો પારો ૪૦ ડીગ્રી રહે તેવી શકયતા

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં આજથી ત્રણ દિવસ એટલે કે શુક્રવાર સુધી 'હીટવેવ' જેવી સ્થિતિ સર્જાશે અને જેને કારણે સખ્ત ગરમી, ઉકળાટ, લૂ જેવું વાતાવરણ રહેશે તેમ કૃષિ હવામાન વિભાગના ધીમંત વઘાસીયાએ જણાવ્યું હતું. ઉનાળાની શરૂઆત આ વર્ષે ધમાકેદાર થઈ છે અને ઉનાળો આકરો તાપ વરસાવી રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસ થયા તાપમાનનો પારો ૩૯.૦૫ની આસપાસ રહે છે. જેને કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે. હોલી અને ધૂળેટી પર્વ દરમ્યાન સવારમાં ઠંડા પવન સાથે ઠંડક બપોરના ગરમી અને રાત્રે મોડેથી ગરમ વાતાવરણ રહ્યું હતું. ગઈકાલે મંગળવારે સવારથી જ ગરમીનું પ્રમાણ રહ્યું હતું. તાપમાનનો પારો ૩૯.૦૫ રહ્યો હતો. આકરા તાપ વચ્ચે જન જીવન પ્રભાવિત થયું હતું અને બપોરથી લઈ સાંજના ૬ વાગ્યા સુધી બજારોમાં કર્ફયુ જેવી સ્થિતિ સર્જાણી હતી. લોકો કામ સિવાઈ ઘરની બહાર નીકળવાનું પસંદ કરતા નથી છેલ્લા ત્રણ દિવસ થયા અતિશય તાપ વરસી રહ્યો છે. અને ગરમીમાં સતત વધારો થઈ રહયો છે. દરમ્યાન આ અંગે કૃષિ યુનિવર્સીટી હવામાન વિભાગના ધીમંત વઘાસીયાએ જણાવ્યું હતું કે, આજથી ત્રણ દિવ્સ એટલે કે શુક્રવાર સુધી 'હીટવેવ'ની સ્થિતિ રહેશે અને શનિવારથી સામાન્ય સ્થિતિ સર્જાશે. શનીવારથી ઉતર ભારતના કેટલાક પ્રદેશોમાં વરસાદ થવાને કારણે ગરમીનું પ્રમાણ ઘટી જશે અને સ્થિતિ સામાન્ય બનશે તેમ જણાવ્યું હતું.

# સતત અગન વર્ષાને પગલે ઉનાળો આકરો બન્યો : જનજીવન પ્રભાવિત

## ગરમી સામે ઠંડક મેળવવા શેરડીનો રસ, તરબૂચ, માટલાનું પાણી તેમજ ઠંડાપીણાનો સહારો : ઈલેકટ્રીક ઉપકરણનો ઉપયોગ વધ્યો







(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૭


જૂનાગઢ સહિત સોરઠમાં અગન વર્ષા થઈ રહી છે. તાપમાનનો પારો ૩૯.૦૫ને પાર કરી જોતા લૂ વરસાવતા વાતાવરણ વચ્ચે જનજીવન શેકાઈ રહ્યું છે. સખ્ત તાપભર્યા માહલ વચ્ચે લોકો ગરમી સામે રાહત મેળવવા અને ઠંડક માટે શેરડીનો રસ, તરબૂચ, માટલાનું પાણીનો ઉપયોગ કરી રહ્યા છે. જૂનાગઢ શહેરમાં વિવિધ માર્ગો ઉપર શેરડીના ચીચોડાના કેન્દ્રો શરૂ થઈ ગયા છે. લોકો મીઠો મધુર રસ પી રહ્યા છે. તો આ સાથે જ બજારમાં તરબૂચનું પણ આગમન થઈ ગયું છે. માર્ગો ઉપર તરબૂચ વેંચાણ કેન્દ્રો પણ જોવા મળી રહ્યા છે. મીઠા તરબૂચ આરોગી લોકો ઠંડક મેળવી રહ્યા છે. આ ઉપરાંત જમીનમાંથી પાણી પણ ગરમ આવી રહ્યું છે. ત્યારે પાણીને ઠંડક માટે લોકો ઠંડુ પાણી મેળવવા માટલાની ખરીદી કરી રહ્યા છે. જૂનાગઢ શહેરમાં વિવિધ માર્ગો ઉપર માટીના માટલાનું પણ વેંચાણ થઈ રહ્યું છે. પાણીની તરસ છીપાવવા માટલાનું ઠંડુ પાણી શ્રેષ્ઠ મનાઈ છે. આ ઉપરાંત લોકો પંખા, એસી, એરકુલર જેવા ઈલેકટ્રીક ઉપકરણોનો પણ સતત ઉપયોગ કરી રહ્યા છે. આમ સખ્ત ગરમી જેવા માહોલ વચ્ચે ઠંડક મેળવવા લોકો અનેક ઉપાયો અજમાવી રહ્યા છે.

# શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢધામ ખાતે હરિકૃષ્ણ મહારાજના ૧૬૪માં વાર્ષિક પાટોત્સવની થયેલ ભાવભેર ઉજવણી

## વહેલી સવારથી જ અનેકવિધ કાર્યક્રમો યોજાયા : હરીભકતોએ લીધો દર્શનનો લ્હાવો







(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ શહેરમાં આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે હરીકૃષ્ણ મહારાજના ૧૬૪માં વાર્ષિક પાટોત્સવની આજે વહેલી સવારથી જ ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે અને હરીભકતોએ દર્શનનો લાભ લીધો હતો. જૂનાગઢમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢધામ ખાતે આજ તા.૨૭-૩-૨૦૨૪ બુધવારના રોજ શ્રી હરિકૃષ્ણ મહારાજના ૧૬૪માં પાટોત્સવની ભાવભેર ઉજણી કરવામાં આવી રહી છે. આજે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી, ૬ કલાકે અભિષેક દર્શન, ૮:૩૦ કલાકે શણગાર અન્નકુટ આરતી, ૯ કલાકે સત્સંગ સભા અને ૯:૩૦ કલાકે મુખ્ય વકતા શાસ્ત્રી સ્વામિ કુંજવિહારીદાસજી આર્શીવચન પાઠવવામાં આવ્યા હતા. શ્રી હરિકૃષ્ણ મહારાજના પાટોત્સવની ભાવભેર ઉજવણીના અનેકવિધ કાર્યક્રમો આજે યોજવામાં આવી રહ્યા છે અને મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે આવ્યા છે તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લઈ અને પ્રસાદનો પણ લાભ લીધો હતો. ચેરમેન શ્રી પૂજય કોઠારી સ્વામી દેવનંદનદાસજી તથા મહંત શાસ્ત્રી સ્વામિ શ્રી પ્રેમસ્વરૂપદાસજી તેમજ કોઠારી સ્વામિ પૂ. પી.પી. સ્વામિ સહિતના સંતો અને ટ્રસ્ટીઓ તેમજ સેવકગણ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભગવાન સ્વામિનારાયણના સ્વહસ્તે પધરાવાયેલા સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવો ભકતજનોની મનોકામના પૂર્ણ કરે છે અને દુર-દુરથી ભાવિકો અહીં દર્શનાર્થે આવે છે. ત્યારે ભાવિકોની, હરીભકતોની સુખસુવિધા માટે અનેકવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. આજે હરિકૃષ્ણ મહારાજના પાટોત્સવની ભકિતભાવપુર્વક ઉજવણી કરવામાં આવી હતી તેમ પ્રફુલભાઈ કાપડીયાની યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢમાં બોગસ ફાયર એનઓસી કાઢી આપવાના પ્રકરણમાં મનપાના બે કર્મચારીની ધરપકડ : જેલ હવાલે

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ મહાનગરપાલિકામાં બોગસ ફાયર એનઓસી પ્રકરણ હાલ ગાજી રહ્યું છે. મનપાની ફાયર શાખામાં પૂર્વ કર્મચારીએ ચીફ ફાયર ઓફિસરની જાતે સહી કરીને બોગસ એનઓસી તૈયાર કરીને એક બિલ્ડીંગ માટે ઉપયોગમાં લેવામાં આવી હોવાની બહાર આવેલ વિગતોને પગલે ફાયર શાખાના બે કર્મચારીઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી અને આ પ્રકરણમાં બંને આરોપીઓની ધરપકડ કરી અને જેલ હવાલે કરવામાં આવ્યા છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર, ફાયર શાખાના ચીફ ફાયર ઓફિસર દિપકકુમાર જાનીએ પોલીસ મથકમાં ફાયર શાખામાં અગાઉ આઉટ સોર્સથી ફરજ બજાવતા અને કોમ્પ્યુટરનું કામ કરતા સુજલ પોમલ અને મનપાના ફાયર શાખાના કર્મચારી ગૌતમ બાંભરોલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. વર્ષ ૨૦૨૨માં ઓગસ્ટ મહિનામાં ચોબારી રોડ ઉપર આવેલી મિત ઈન્ફ્રા દ્વારા બિલ્ડીંગ બનાવવા માટે મનપાની ફાયર શાખામાં પ્રિ.એનઓસી માટે અરજી કરી હતી. જેને બોગસ એનઓસી ઈસ્યુ કરવાનો મામલો સામે આવ્યો હતો અને તપાસમાં ફાયર શાખામાં અગાઉ કોમ્પ્યુટર કામ કરતા આઉટ સોર્સના કર્મચારી સુજલ પોમલે મોકલી હોવાનું જણાવ્યું હતું. જેથી ફલિત થયું કે, સુજલે મિત ઈન્ફ્રાને ખોટી રીતે લાભ અપાવવા માટે તેના નકશા ઉપરનો અભિપ્રાય ફાયર શાખા દ્વારા આપવામાં આવ્યો હતો તેવું દર્શાવ્યું હતું અને તેમાં કોઈપણ રીતે કોમ્પ્યુટર દ્વારા ચીફ ફાયર ઓફિસરની સહીની કોપી કરીને બોગસ એનઓસી તૈયાર કરીને તેને ખરા તરીકે ઉપયોગ માટે મોકલી હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે પોલીસ ફરિયાદ થતા પોલીસે બને આરોપીની ધરપકડ કરી હતી. જેમાં મુખ્ય આરોપી સુજલ પોમેલને એક દિવસના રિમાન્ડ ઉપર લેવામાં આવ્યો હતો અને બાદમાં વારાફરતી બંને આરોપીને કોર્ટમાં રજુ કરતા બંનેને જેલહવાલે કરવાનો કોર્ટ હુકમ કર્યો હોવાનું જાણવા મળે છે.

# ઉનાનાં યુવાનનું હ્રદયરોગના હુમલાથી મૃત્યુ થતા પરીવારમાં શોકની લાગણી

(પ્રતિનિધિ દ્વારા) ઉના, તા.૨૭



ઊના શહેરમાં રામનગર ખારા વિસ્તારમાં રહેતો વિવેક રામભાઈ સોલંકી (ઉ.વ. ૨૭) મૂળ કેસરિયા હાલ ઊના ગત તા.૨૪/૩/૨૦૨૪ રવિવારના રાત્રિના રામનગર ખારામાં પ્રગટાવેલ હોળીની પ્રદિક્ષણા ફરતો હતો ત્યારે અચાનક પડી ગયેલ અને બેભાન થઈ ગયો હતો તેને તુરંત સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો પરંતુ ફરજ ઉપરના ડોકટરે તપાસી હૃદય રોગનો હુમલો આવતા મૃત્યુ થયાનું જાહેર કરેલ હતું. મૃતકના હજુ એક મહિના પહેલા લગ્ન થયા હોવાનું જાણવા મળ્યું છે. કોળી પરિવારમાં યુવાનનું હાર્ટ એટેકથી મોત થતા પરિવારમાં આનંદની જગ્યાએ શોક છવાઈ ગયો હતો.


મકાન વેંચવાનું છે
જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે.
: કોન્ટેક :
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક • ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પ્લોટ વેચાવ છે
૨૧૨ વાર જગ્યા કોર્નરનો પ્લોટ નં. ૩૫૪ રાયજીનગર, જૂનાગઢ
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪


વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુ:ખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પલેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. ફોન: ૨૬૨૨૮૮૮

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા..
પરબતભાઈ ડાંગર
અગ્રણી બિલ્ડર
મો. ૯૪૨૮૪ ૪૦૫૯૫
જૂનાગઢ

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો


ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી તંદુરસ્તી માટે અળદીયા માટેનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ ભેંસનું તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
(તાજુ માખણ મળશે)
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાગાવે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જૂનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ